કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક • ૧૦, એપ્રિલ ૨૦૨૧ | ₹ ૩૦

# વિશ્વકર્મા વિશ્વ



## રાજકોટ સહિતના શહેરોમાં વિશ્વકર્મા જયંતિની ઉજવણી

રાજકોટ ગુ.સુ. જ્ઞાતિની ચૂંટણીમાં રસીકભાઇ બદ્રકિયાની પેનલ બિનહરીફ

# DUNEX®

steeling your senses

## The Measure of Intelligence is the Ability to 'Do Next'




Door Hardware
Architectural Glass Fitting
Bathroom Accessories
Furniture Fittings
Modular Stairway & Railing Solution
MISC. Harware







Manufacturer & Exporter of AISI 316L, 316 & 304 Grade
Stainless Stell Architectural Hardware

GOOD DESIGN
2015

reddot design award
honourable mention 2009



International
Quality Excellence Award



International
Business Excellence Award




Bhartiya Vikas Ratan Award

**DUNEX ARCHITECTURAL PVT. LTD.**

www.dunex.in


Olive
Believe in the Best
www.oliveworld.co.in
As Desirable
AS YOUR
Imagination!
Slimtek Drawers
Swing Tray
Spice Pullout
vetroline
Aluminum & SS Railing Systems
EVERSHINE APPLIANCES PVT. LTD. (CIN: U27108GJ2004PTC044421)
Plot No. 41, Ichhapore GIDC, Near GAIL, Sachin-Hazira Road, Bhatpore Village, Surat - 394510 (Guj.) INDIA
+91 261 2841532/2840008/2840057/2840058 | info@oliveworld.co.in | www.oliveworld.co.in
ALSO FOLLOW US ON

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-9, Issue No.3
Date : 10-04-2021

Page : 36
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Marketing :** Rameshbhai Vaghasana

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer:** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**

## તંત્રી સ્થાનેથી...

# રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિની બિનહરીફ ચૂંટણી : સમાજનો અઢળક વિશ્વાસ

રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિ ટ્રસ્ટ કમિટીની યોજાયેલ ચૂંટણી બિનહરીફ થઇ છે અને સત્તાના સુકાન ફરી રસીકભાઇ બદ્રકિયા અને તેની ટીમે સંભાળ્યા છે. હાલના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયાની પેનલ સતત બીજી વખત બિનહરીફ જાહેર થઇ છે. જેનાથી રસીકભાઇ બદ્રકિયા અને તેની ટીમ પ્રત્યે સમાજનો પ્રેમ-વિશ્વાસ હોવાનું તારણ નીકળે છે.

૨૦૧૫માં ચૂંટણી થઇ તેમાં સ્વ. હસમુખભાઇ શંખલપરાની ટીમ વિજેતા થઇ હતી અને હસમુખભાઇ શંખલપરાની ટીમમાં રસીકભાઇ બદ્રકિયા ઉપાધ્યક્ષ બન્યા હતા. બાદમાં હસમુખભાઇ શંખલપરાએ નાદુરસ્ત તબિયતને કારણે રાજીનામું આપ્યું અને શરદપુર્ણિમાના દિવસે રસીકભાઇ બદ્રકિયા ૨૦૧૭માં પ્રમુખ બન્યા. રસીકભાઇ અને તેની ટીમે ઉત્સવો, પ્રસંગો, સમુહલગ્નોનું સુંદર આયોજન કર્યું. પહેલા વિશ્વકર્મા જયંતિ ઉત્સવ એક દિ'નો જ ઉજવાતો પરંતુ રસીકભાઇ બદ્રકિયા અને તેની ટીમે વિશ્વકર્મા જયંતિના આગલા દિવસે પણ સાંસ્કૃતિક કાર્યક્રમોની પરંપરા ચાલુ કરી. પ્રથમ વર્ષે જ દુનિયાભરમાં નામના મેળવી ચુકેલી જામખંભાળિયાની આંબાવાડી ગરબા મંડળના કાર્યક્રમ રેસકોર્સ મેદાનમાં યોજાયો અને સમગ્ર સમાજ જ નહીં અન્ય સમાજના હજારો લોકોએ લાભ લીધો. અને વિશ્વકર્મા જયંતિ ઉત્સવ બે દિ'નો ઉજવવાની પ્રણાલીકા શરૂ થઇ. જે સતત ચાલુ રહી જો કે આ વર્ષે કોરોનાના કારણે સાંસ્કૃતિક કાર્યક્રમ થઇ શક્યો નહીં.

રસીકભાઇ બદ્રકિયા અને તેની ટીમ ૨૦૧૭થી આવ્યા બાદ ફરી બિનહરીફ ચુંટાયા હતા. ત્યારબાદ સમુહલગ્નો અને જ્ઞાતિ ભોજનના આયોજન પ્રતિવર્ષ વધુને વધુ શાનદાર બનવા લાગ્યા છે. અને મંદિરની આવકમાં પણ દિનપ્રતિદિન વધારો થતો રહયો છે.

કોવિડ-૧૯ની મહામારીમાં સામાન્ય અને ગરીબ વર્ગ માટે નિઃશુલ્ક આઇસોલેશન વોર્ડ પણ શરૂ કરાયો અને તેનો જરૂરીયાતવાળા લોકોએ સારો લાભ લીધો. આ આઇસોલેશન અન્ય જ્ઞાતિ માટે પણ પ્રેરણારૂપ બન્યું છે.

રાજકોટમાં સમાજની સારી કહી શકાય તેવી વાડીની ઉણપ છે અને રસીકભાઇ બદ્રકિયા અને તેની ટીમ વાડીની આ ઉણપ આ ટર્મમાં દુર થાય અને સૌના સહયોગથી અદ્યતન વાડીનું નિર્માણ થાય તેવી સમાજની ઇચ્છા નવી ટીમ આ ટર્મમાં પુરી કરે તેવી સૌને આશા છે. વિશ્વકર્મા પ્રભુજી આ આશા પૂર્ણ કરશે તેવી પ્રાર્થના...

◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

# ભારતને સ્કીલ ઈન્ડિયામાં આગળ વધવા ભગવાન વિશ્વકર્માના આશીર્વાદ મળતા રહેશે : શ્રી વિજયભાઇ રૂપાણી





વિશ્વકર્મા જયંતી અવસરે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ શુભેચ્છા આપી હતી તે પ્રસંગની તસવીરમાં મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી અને વિશ્વકર્માના તંત્રી પ્રવીણ ગજ્જર. (તસવીર : પાર્થ પ્રવીણ ગજ્જર)

## વિશ્વકર્મા જયંતી અવસરે મુખ્યમંત્રીની સમગ્ર વિશ્વકર્મા પરિવારને શુભેચ્છા

વિશ્વકર્મા જયંતી અવસરે સમગ્ર દેશ અને દુનિયાના વિશ્વકર્મા પરિવારને 'વિશ્વકર્મા વિશ્વ' મેગેઝીનના માધ્યમ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, વિશ્વકર્મા કલા-કૌશલ્ય અને આજના સમયની વાત કરીએ ત્યારે સ્કીલ ડેવલપમેન્ટના ઇશ્વર તરીકે આપણી સંસ્કૃતિ ભગવાન વિશ્વકર્માને પુજે છે. તેમણે કહ્યું કે આવનારા દિવસો સ્કીલનો યુગ છે. કારીગરી-કૌશલ્ય એ મહત્વનું બનવાનું છે અને ત્યારે પરંપરાગત જે લોકો જ્ઞાતિગત બાય બર્થ અલગ અલગ સમાજના લોકો કૌશલ્ય ધરાવતા હોય છે. સાથે સાથે સ્કીલ ડેવલપમેન્ટના કેમ્પો દ્વારા પણ સ્કીલ શીખવવામાં આવતું હોય છે ત્યારે હું એમ માનું છું કે આવતા દિવસોમાં ભારતને સ્કીલ ઇન્ડિયા તરીકે આગળ વધવા ભગવાન વિશ્વકર્માના આશીર્વાદ આપણને સતત મળતા રહેશે અને ભારત સ્કીલ ડેવલપમેન્ટમાં પણ દુનિયામાં ટીમના સ્થાન પર રહેશે તેવી મને પુરી શ્રદ્ધા છે.

ગુજરાતભરની તમામ મહાનગર પાલિકામાં ઐતિહાસિક વિજય મેળવ્યા બાદ ગુજરાતના મુખ્યમંત્રીની વિજય રૂપાણી રાજકોટમાં યોજાયેલ વિજય રેલીને સંબોધન કરવા આવ્યા હતા ત્યારે અતિ વ્યસ્ત હોવા છતાં વિશ્વકર્મા જયંતી અવસરે વિશ્વકર્મા વિશ્વ સાથેની મુલાકાત દરમ્યાન શ્રી વિજયભાઇ રૂપાણીએ દેશ અને દુનિયાના વિશ્વકર્મા પરિવારને વિશ્વકર્મા જયંતીની શુભકામના પાઠવી હતી સાથોસાથ વિશ્વકર્મા જયંતીએ ૧૮માં વર્ષમાં પ્રવેશ પામતા વિશ્વકર્મા મેગેઝીનને શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહયું હતું કે, વિશ્વકર્મા વિશ્વ ૧૮માં વર્ષમાં પ્રવેશી રહયું છે અને જેના ૨ લાખથી વધુ વાંચકો પણ છે ત્યારે વિશ્વકર્મા વિશ્વને ૧૮માં વર્ષમાં પ્રવેશ બદલ ખુબ ખુબ શુભકામના પાઠવુ છું. સમગ્ર ગુજરાતની જનતા વતી વિશ્વકર્મા વિશ્વના આયોજકોને પણ ખુબ ખુબ અભિનંદન પાઠવું છું. આ પ્રસંગે શ્રીમતી અંજલીબેન રૂપાણી, ભાજપ અગ્રણી નીતિનભાઇ ભારદ્વાજ, ધારાસભ્યો ગોવિંદભાઇ પટેલ, અરવિંદ રૈયાણી, શહેર પ્રમુખ કમલેશ મિરાણી, પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ પણ ઉપસ્થિત રહયા હતા.

# વિશ્વકર્મા વિશ્વ દ્વારા દેશ અને દુનિયામાં સુખ શાંતિ પ્રાપ્ત થાય : પૂ.અપૂર્વમૂનિ સ્વામી

## પૂ.અપૂર્વમૂનિના હસ્તે વિશ્વકર્મા જયંતિ વિશેષાંકનું પૂજન અને વિમોચન

કલા-કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતા એક માત્ર મલ્ટીમીડીયા મેગેઝીન વિશ્વકર્મા જયંતિ વિશેષાંકનું પૂજન-વિમોચન બી.એ.પી.એસના અપૂર્વ મુનિ સ્વામીના વરદ્ હસ્તે વસંત પંચમીના મંગલ દિને કરવામાં આવ્યું હતું. આ મંગલ પ્રસંગે ભારતીય જનતા પક્ષના અગ્રણી નીતિન ભારદ્વાજ, મશીન ટુલ્સ એશોશીએશનના પ્રમુખ અને વોર્ડ નં.૧૩ ના ઉપપ્રમુખ યોગીન છનીયારા, વિશ્વકર્મા વિશ્વ તંત્રી પ્રવીણ ગજ્જર અને વિશ્વકર્મા વિશ્વના ડીઝીટલ એડીશનના તંત્રી પાર્થ પ્રવીણ ગજ્જર પણ ઉપસ્થીત રહ્યા હતા.



આ પ્રસંગે સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં વિશ્વકર્મા વિશ્વનું પૂજન અર્ચન અને વિમોચન બાદ પૂ.અપૂર્વમૂનિ સ્વામીએ આર્શીવાદ આપ્યા હતા. તેમણે કહ્યું કે પ્રવીણભાઇ ગજ્જર દ્વારા સુંદર મેગેઝીન ઘણા વર્ષોથી પ્રકાશીત થાય છે જે હાર્ડ કોપી દ્વારા અને સોફટ કોપી દ્વારા હજારો, લાખો લોકો સુધી પહોંચે છે. આવા વસંત

પંચમીના શુભ દિવસે વિશ્વકર્મા જયંતિ વિશેષાંક ખૂબ સુંદર રીતે પ્રકાશીત કરવામાં આવી રહ્યો છે. સુંદર આર્ટીકલ લખેલા છે અને મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ પણ શુભેચ્છા સંદેશો આપ્યો છે. ભગવાન સ્વામીનારાયણ ભગવાન વિશ્વકર્મા સર્વ દેવતાઓના, અવતારોના ચરણોમાં પ્રાર્થના કરીએ. શબ્દ દ્વારા સુખ શાંતિનું નિમાર્ણ થાય, શબ્દ દ્વારા સંસ્કૃતિનું નિર્માણ થાય. સદાચારના માર્ગે દર્શકો, પાઠકો જયાં જયાં ગુજરાતી વસે છે ત્યાં વિશ્વકર્મા પહોંચે અને સુખ શાંતિ પ્રવર્તે, ફરીથી ગુજરાતી આત્માનિર્ભર બને, ભારત આત્માનિર્ભર બને અને વિશ્વકર્મા વિશ્વ સંદેશાઓને લઇને આગામી દિવસો, વર્ષોમાં ના કેવળ ગુજરાત પરંતુ વિશ્વભરમાં વિશ્વકર્મા વિશ્વ દ્વારા આ સંદેશો પહોંચે તેવી ભગવાન સ્વામીનારાયણ અને ભગવાન વિશ્વકર્માને પ્રાર્થના. વિશ્વકર્મા જયંતિ અવસરે વિશ્વકર્મા જયંતિ વિશેષાંકને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ પણ શુભેચ્છા સંદેશા પાઠવ્યો છે. તેમણે વિશ્વકર્મા વિશ્વને આપેલા શુભેચ્છા સંદેશમાં કહ્યું છે કે વિજ્ઞાનના નિયમોને ધ્યાનમાં રાખી, ચોકકસ ગણતરી મુજબ એક અનિયમિત આકારને વ્યકિત એટલે કલાકાર અદભૂત સૃષ્ટીના સર્જક ભગવાન વિશ્વકર્મા સંતાનો પણ કલાકાર અદભૂત સૃષ્ટીના સર્જક ભગવાન વિશ્વકર્મા સંતાનો પણ કલાકાર જ હોય. અનોખી કોતરણી કરનારા સુથારો, શિલ્પીઓ, કડીયાઓ, પોતાની કારીગરીથી સૌને દંગ બનાવી જાય છે. તા.૨૫/૨/૨૧ના રોજ શુભ અવસરે વિશ્વકર્મા જયંતિ નિમિતે વિશ્વકર્મા વિશ્વના વિશ્વકર્મા જયંતી વિશેષાંકના પ્રકાશન માટે મારી શુભેચ્છા પાઠવું છું. ભગવાન વિશ્વકર્મા સૌના કષ્ટ દુર કરી અદભૂત કલાકૃતિ સમાન જીવન સૌન અર્પે તેવી પ્રાર્થના. વિશ્વકર્મા જયંતિ વિશેષાંકમાં જાણીતા લેખકોના લેખો, વાર્તાઓ, મોટીવેશનલ આર્ટીકલ, કવિતા સહીતની વાંચન સામગ્રીનો સમાવેશ કરવામાં આપ્યો છે. ૨ વર્ષ પહેલા વિશ્વકર્મા વિશ્વની મોબાઇલ એપ્લીકેશન શ્રી વિજયભાઇ રૂપાણી અને અંજલીબેન રૂપાણીના હસ્તે ખુલ્લી મુકવામાં આવ્યા બાદ અને વિશ્વકર્મા વિશ્વ મોબાઇલ એપ દ્વારા દેશ-વિદેશના લાખો લોકો સુધી વિશ્વકર્મા વિશ્વ પહોંચે છે. વિશ્વકર્મા વિશ્વ.કોમ વેબ-સાઇટ દ્વારા પણ વિશ્વકર્મા વિશ્વ વાંચી શકાય છે. વિશ્વકર્મા વિશ્વ દ્વારા વિશ્વકર્મા ન્યુઝ ટુડે અને ગુજરાત-૩૬૦ નામથી સોશ્યલ મીડીયા દ્વારા દરરોજ ૨ લાખથી વધુ લોકોને સમાચારો પહોંચાડવામાં આવે છે.

# રાજકોટમાં વિશ્વકર્મા જયંતી સાથે સમુહ લગ્નની ધામધુમથી ઉજવણી

## મહારકતદાન શિબિર અને દાદાની નગરયાત્રા યોજાઇ





શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા તા.૨૫-૦૨-૨૦૨૧ શ્રી વિશ્વકર્મા જયંતીની સાથે ૨૧ નવ દંપતીઓના સમૂહલગ્ન સાથો સાથ મહારકતદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું.

શ્રી વિશ્વકર્મા જયંતી મહાસુદ-૧૩ ને ગુરૂવાર તા.૨૫-૦૨-૨૦૨૧ શ્રી વિશ્વકર્મા મંદિર, શ્રી વિશ્વકર્મા પ્રભુજી માર્ગ, દિવાનપરા રાજકોટ સ્થળે વહેલી સવારે ૬-૦૦ કલાકે ધ્વજા રોહણ કાર્યક્રમ સવારના ૬-૩૦ કલાકે મહાઆરતી સાથે પૂજનવિધિ અને ભાતૃભાવ સ્નેહમિલન કાર્યક્રમ બપોરના ૧૨-૧૫ કલાકે ભગવાન શ્રી વિશ્વકર્મા પ્રભુજીના રાજભોગ થાળ પ્રસાદ સાથે મહા આરતી કરવામાં આવેલ. સવારથી મોડી રાત્રી સુધી મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ શ્રી વિશ્વકર્મા દાદાને કરાયેલ અતિ સુંદર શણગારના દર્શન કરી ધન્યતા અનુભવેલ શ્રી વિશ્વકર્મા મંદિરને રોશનીથી શણગારી સરસ રીતે સજાવવામાં આવેલ. દિવસ દરમ્યાન ભકતજનોએ આનંદ પૂર્વક અને ઉમંગ ભેર દાદાના દર્શન કરી ધર્મલાભ લીધેલ.

સાથો સાથ વર્તમાન કોવિડ-૧૯ ની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ૨૧ દીકરીઓના સમુહ લગ્ન રાજકોટ શહેરના જુદા જુદા ચાર સ્થળોએ સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ અને મંજૂરી લઇને યોજવામાં આવેલ જેમાં શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળના બંને હોલ, અગાસી અને ગ્રાઉન્ડ ની વિશાળ જગ્યામાં ૮ લગ્ન, શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળના બંને હોલ અને બાજુના મેદાનમાં ૫ લગ્ન, અને મેઘાણી રંગભવનની બંને જગ્યામાં ૮ લગ્ન આમંત્રિત મહેમાનો, દાતાશ્રીઓ, તમામ સહયોગી સંસ્થાના હોદેદારો સમિતિ સભ્યોની ઉપસ્થિતિમાં કૌટુંબિક વાતાવરણમાં યોજાયેલ, જેમાં સવારના ૯.૦૦ વાગે સામૈયા, ૧૧.૦૦ વાગે હસ્તમેળાપ તથા ૨ વાગે જાન વિદાય એવા તમામ પ્રસંગો તમામ સ્થળોએ એક સાથે એક સમયે કરવામાં આવ્યા તેમજ આ મહામારીના સમયમાં પણ કોવિડ-૧૯ની સરકારશ્રીની માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવામાં આવેલ હતું.

ગુર્જર સુતાર જ્ઞાતિની ૨૧ (એકવીસ) કન્યાઓના સમૂહલગ્ન કાર્યમાં આર્શિવચન પાઠવવા શ્રી દિગમ્બર ગગનગિરિ બાપુ લાડુખાડા ગીરનારી આશ્રમ મહુવા ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય મહેમાનશ્રીઓમાં શ્રી ગુર્જર સુતાર કન્યા છાત્રાલય રાજકોટના ટ્રસ્ટીશ્રીઓ, ઉપરાંત શ્રી જયકુમાર મનોહરભાઇ તલસાણિયા (દેઓકી મેન્યૂફેકચર્સ અને વેલકાસ્ટ ટેકનોલોજી ગ્રુપ), શ્રી મહેન્દ્રભાઇ ત્રિભુવનભાઇ પંચાસરા, શ્રી મુકેશભાઇ ત્રિભુવનભાઇ પંચાસરા (રૂપકલા એંજિનિયર્સ પ્રા.લી.મેટોડા) તેમજ અતિથિ વિશેષમાં શ્રી પિયુષભાઇ વજુભાઇ આઘારા, શ્રી હિરેનભાઇ વજુભાઇ આઘારા (શ્રી વિશ્વકર્મા આર્ટ, રાજકોટ), શ્રી ચંદ્રકાંતભાઇ વાલજીભાઇ કરગથરા (કિર્તિ એન્ટરપ્રાઇઝ, કોનાર્ક) શ્રી અમુભાઇ ભારદીયા પરિવાર ( શ્રી રવિકુમાર ભારદિયા એજ્યુકેશન ટ્રસ્ટ, રાજકોટ) અને શ્રી કિશોરભાઇ પી.ગજજર (સાંકડેચા પરિવાર-લંડન) ભાવનાબેન અંબાસણા ઉપસ્થીત રહ્યા હતા.

સમૂહલગ્નના સુંદર આયોજન માટે શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટના પ્રમુખશ્રી રસિકભાઇ બદ્રકિયાની આગેવાની હેઠળ ઉપાધ્યક્ષશ્રી જગદીશભાઇ એમ.સોંડાગર, ટ્રસ્ટી શ્રી મુકેશભાઇ વડગામા, મંત્રીશ્રી પ્રદીપભાઇ કરગથરા, શ્રી હર્ષદભાઇ બકરાણીયા તથા સમગ્ર કારોબારીના સભ્યો, તથા ટ્રસ્ટીશ્રીઓએ છેલ્લા ૩ માસથી તૈયારી કરી રહ્યા હતા.

શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટ આયોજિત સૂમહ લગ્નોત્સવમાં ગૃહસ્થ જીવનની કેડીએ પ્રભુતામાં પગલા પાડનાર નવ દંપતીઓ શ્રી ૧) ચિ.મીરા સંગ ચિ.ગૌરવકુમાર ૨) ચિ.જલ્પા સંગ ચિ.નીરવકુમાર ૩) ચિ.કોમલ સંગ ચિ.રાકેશકુમાર ૪)ચિ.ગીતા સંગ ચિ.નરેન્દ્રકુમાર ૫)ચિ.ઉર્વી સંગ સાગરકુમાર ૬)ચિ.મોનિકા સંગ ચિ.ઉદયકુમાર ૭) ચિ.હિના સંગ ચિ.જયકુમાર ૮)ચિ.આરતી સંગ ચિ.જિજ્ઞેશકુમાર ૯)ચિ.ઉર્વશી સંગ ચિ.ધાર્મીકકુમાર ૧૦) ચિ.ધારા સંગ ચિ.દેવેન્દ્રકુમાર ૧૧)ચિ.હેતલ સંગ ચિ.આનંદકુમાર ૧૨)ચિ.ભૂમિકા સંગ ચિ.ભાવીનકુમાર ૧૩) ચિ.ખુશ્બુ સંગ ચિ.જયકુમાર ૧૪)ચિ.પ્રીતી સંગ ચિ.જગદીશકુમાર ૧૫)ચિ.ભાવના સંગ પ્રકાશકુમાર ૧૬)ચિ.કૃપાલી સંગ ચિ.ધવલકુમાર ૧૭)ચિ.રેખા સંગ ચિ.સુનિલકુમાર ૧૮)ચિ.કાજલ સંગ ચિ.હિરેનકુમાર ૧૯)ચિ.શિવાની સંગ ચિ.સુમિતકુમાર ૨૦)ચિ.પૂજા સંગ ચિ.સમીરકુમાર ૨૧) ચિ.બીના સંગ ચિ.અજયકુમાર લગ્નગ્રંથિથી જોડાયા દરેક કન્યાને જીવન જરૂરી તમામ વસ્તુઓ શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટ અને દાતાશ્રીઓના સહયોગથી લગભગ ૧૫૫ થી પણ વધુ વસ્તુઓ કરિયાવર સ્વરૂપે આપવામાં આવેલ. જેમાં સોનાની બુટી, ચાંદીની ગાય, ચાંદીનો તુલસી કયારો, ચાંદીના સાકળા, સોનાનો દાણો, ઇમીટેશન સેટ, ઇમિટેશન મંગળ સૂત્ર, દીવડો, સ્ટીલનો કબાટ, યુફોર્મ ગાદલા, ઓશિકા, ખુરસી, ટિપોઇ, વરન્કન્યાને કાંડા ઘડિયાળ, મોપ (ફ્લોર ક્લીનિંગ મશીન), કેસરોલ, બ્લેન્ડર, બેડશીટ, મુખવાસ બોક્ષ, દીકરીઓને ૭ જોડી કપડાની જોડી જમાઇની શૂટ, ઉપરાંત શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટ તરફથી દરેક કન્યાઓને રોકડમાં ચાંદલો આપવામાં આવ્યો.



સાથો સાથ સવારના ૮-૦૦ કલાકથી શ્રી વિશ્વકર્મા મંદિરે મહારકતદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. આ મહારકતદાન શિબિર શ્રી વિશ્વકર્મા મંદિરે સવારે ૮ થી સાંજના ૮ કલાક સુધી યોજવામાં આવેલ હતી, જેમાં ૨૦૫ યુનિટ બોટલ એકત્ર થયેલ. તમામ રકતદાતાઓને જ્ઞાતિ તરફથી ગીફ્ટ આપવામાં આવેલ. રકતની જરૂરિયાન હોય તેવા તમામ જ્ઞાતિજનોને વિનામૂલ્યે રકત શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા પૂરું પાડવામાં આવે છે. રકતદાન શિબિર માટે રેડક્રોસ બલ્ડ બેંકનો પૂર્ણ સહયોગ સાંપડયો હતો.

સાથો સાથ બપોરના ૨ વાગ્યાથી ધારેશ્વર મંદિર ભકિતનગર સર્કલથી ભગવાન શ્રી વિશ્વકર્માને શણગારેલ રથમાં બિરાજમાન કરી ૫ બાઇક સાથે શોભાયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવેલ. ત્યાંથી શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ થઇને આ શોભાયાત્રા શહેરના વિવિધ રાજમાર્ગો તથા જુદા જુદા વિસ્તારોમાં ફરી સાંજે ૪:૩૦ કલાકે શ્રી વિશ્વકર્મા દાદાના મંદિરે પહોંચી ત્યારે ઉપસ્થિત સૌની હાજરીમાં ભગવાન શ્રી વિશ્વકર્માની આ શોભાયાત્રાનું ફૂલહારથી સ્વાગત કરી દાદાના જયઘોષ સાથે શોભાયાત્રા પૂર્ણ થયેલ.

ઉપરોકત તમામ કાર્યક્રમો માટે શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટના ઉપાધ્યક્ષશ્રી જગદીશભાઇ એમ.સોડાગર, શ્રી મુકેશભાઇ આર.વડગામા, શ્રી ભરતભાઇ ખારેચા, પ્રમુખ શ્રી રસીકભાઇ ડી.બદ્રકીયા, શ્રી કાન્તીભાઇ પી.તલસાણીયા (ઉપ પ્રમુખશ્રી), શ્રી પ્રદીપભાઇ કે.કરગથરા (મંત્રીશ્રી), શ્રી અરવિંદભાઇ બી.ત્રેટીયા (ખજાનચી), શ્રી ગોરધનભાઇ પી.ચાપાનેરા (સહમંત્રીશ્રી), શ્રી હર્ષદભાઇ આર.બકારાણીયા, શ્રી કિશોરભાઇ એમ.અંબાસણા, શ્રી નટુભાઇ જે.જાદવાણી, શ્રી હરિભાઇ કે.સીનરોજા, શ્રી શાંતિલાલ ડી.સાંકડેચા, શ્રી હરકાંતભાઇ એ.વડગામા, શ્રી કિરીટભાઇ જી.જોલાપરા, શ્રી દિલીપભાઇ બી.પંચાસરા, મીતેશભાઇ એસ.ધ્રાગધરિયા અને અંદાજિત ૨૫૦ જેટલા કાર્યક્રર્તાઓએ કામગીરી સંભાળેલ.

સમૂહ લગ્નોત્સવની તૈયારીઓ માટે રાજકોટ શહેરની ગુર્જર સુતાર જ્ઞાતિની વિવિધ સહયોગી સંસ્થાઓ જેવીકે શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ, શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, શ્રી ગજ્જર સર્વિસ ગ્રુપ, શ્રી વિશ્વકર્મા ધૂન મંડળ ભાઇઓ તથા બહેનો, શ્રી ગુર્જર ઇન્ડ.સર્વિસીઝ કો.ઓ.સો.લી.ગજ્જર સ્પોર્ટસ કલબ, શ્રી વિશ્વકર્મા ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી વિશ્વકર્મા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ, શ્રી આરતી ગ્રુપ, સખી વૃંદ, પ્રિયદર્શીની ગ્રુપ વગેરેના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ સમગ્ર તૈયારીઓમાં સહયોગ આપ્યો હતો. શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટના પ્રમુખશ્રી રસીકભાઇ બદ્રકીયા અને સૌ કાર્યકર્તાઓ રાતદિવસ જોયા વિના છેલ્લા ત્રણેક માસથી અથાગ જહેમત કરી રહ્યા હતા. સાથે સાથે જ્ઞાતિજનોએ ભગવાન શ્રી વિશ્વકર્માજી જન્મજયંતિ મહોત્સવના વિવિધ કાર્યક્રમોના આયોજન માટે પોતાનો તન-મન-ધન અને સમયથી સહયોગ આપેલ.

ઉપરોકત તમામ કાર્યક્રમોમાં સરકારશ્રીની કોવિડ-૧૯ ની ગાઇડ લાઇનનું ચુસ્તપણે પાલન કરવામાં આવેલ. તમામ સ્થળોએ સંખ્યા મર્યાદિત રાખવાની હોવાથી આજીવન સમુહલગ્નના જુના તમામ દાતાઓને આ વરસે આમંત્રણ પાઠવવામાં આવેલ ન હતું. જે બદલ તમામ જૂના દાતાઓ પ્રત્યે શ્રી ગુર્જર જ્ઞાતિ રાજકોટના ટ્રસ્ટીઓ અને કારોબારી સભ્યોએ આ બાબતે દિલગીરી વ્યકત કરી હતી.

### કોરોનાના કારણે

# ગોંડલ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા સાદગીપૂર્વક વિશ્વકર્મા જયંતીની ઉજવણી





ગોંડલ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા ભોજરાજપરા ખાતે આવેલ જ્ઞાતીની વાડીમાં તા. ૨૫-૨-૨૧ના રોજ વિશ્વકર્મા જયંતીની ઉજવણી ખુબ જ સાદગીપૂર્વક ઉજવાઇ હતી. જેમાં સવારે દાદાની પુજા રાખવામાં આવેલ. જેમાં દિપકભાઇ કલોલીયા પુજામાં બેઠા હતા. દાદાના દર્શને પધારેલા દરેક જ્ઞાતિજનોને ચા-નાસ્તો આપવામાં આવેલ. દાદાના દર્શનનો સમય સવારે ૮ થી ૧૦ વાગ્યા સુધી જ રાખવામાં આવેલ.

દર વર્ષે યોજાતા સમુહ ભોજન તથા જ્ઞાતિ મિટીંગ હાલના કોરોનાની પરિસ્થિતિને કારણે મુલતવી રાખવામાં આવેલ. આ આયોજનમાં જ્ઞાતિના પ્રમુખ જયસુખભાઇ નગેવાડિયા, ઉપપ્રમુખ પિયુષભાઇ ઘોરચા, ખજાનચી કલ્પેશભાઇ કથ્રેચા, બિરેનભાઇ ભાડેશીયા, જનકભાઇ જોલાપરા, દિપકભાઇ ભાડેશીયા, અંકિતભાઇ ખંભાયતા, ભૂતપૂર્વ ટ્રસ્ટી અનિલભાઇ ગોવિંદીયા, દુર્લભજીભાઇ કલોલીયા તથા ચુનીભાઇ પેશાવરીયાએ જહેમત ઉઠાવી હતી.

### કોરોનાની પરિસ્થિતિને કારણે

# વડોદરામાં જ્ઞાતિ દ્વારા વિશ્વકર્મા જયંતીની સાદગીપૂર્વક ઉજવણી




શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ-વડોદરા દ્વારા કારેલીબાગ ખાતે આવેલ સંસ્થાની વાડી ખાતે તા. ૨૫-૨-૨૧ના રોજ વિશ્વકર્મા જયંતીની ઉજવણી હાલ કોરોનાની પરિસ્થિતિને કારણે વડોદરા નગરપાલિકા અને ગુજરાત સરકારના નિયમોને કારણે દાદાની પુજા-આરતીના કાર્યક્રમો યોજી સાદગીપૂર્વક ઉજવાઇ હતી. જેમાં સવારે ૯ વાગ્યે દાદાની પુજા કરવામાં આવેલ. પુજામાં હર્ષભાઇ મુકેશભાઇ ઘોરેચા સજોડે બેઠા હતાં. ૧૦ વાગ્યે આરતી કરવામાં આવી હતી. સવારે ૯ થી બપોરના ૧ વાગ્યા સુધી દાદા દર્શન ખુલ્લા રાખવામાં આવ્યા હતા. જેનો મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ દર્શનનો લાભ લીધો હતો. દર વર્ષે યોજાતા તેજસ્વી વિદ્યાર્થી સન્માન તથા સમુહભોજનનો કાર્યક્રમ આ વર્ષે બંધ રાખવામાં આવેલ.

આ વિશ્વકર્મા જયંતીની ઉજવણીના આયોજનમાં પ્રમુખ શૈલેષભાઇ ઘોરેચા, ઉપપ્રમુખ જયંતીભાઇ નાયકપુરા, મંત્રી નરેન્દ્રભાઇ વિસાવડીયા, સહમંત્રી મુકેશભાઇ ઘોરેચા, ખજાનચી તેજશભાઇ અંબાસણા તથા સભ્યોમાં રમણીકભાઇ જોલાપરા, મહેશભાઇ નાયકપુરા, કનુભાઇ ભારદીયા, તુષારભાઇ એરપડા, શરદભાઇ પંચાસરા તથા મનુભાઇ વિસરોલીયા તેમજ કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# ગુર્જર સુતાર જ્ઞાતિ-મોરબી દ્વારા દાદાની પુજા અર્ચના કરી વિશ્વકર્મા જયંતી ઉજવાઇ

## કોરોનાના કારણે દર વર્ષે યોજાતી શોભાયાત્રા, વિદ્યાર્થી સન્માન તથા સમુહપ્રસાદ બંધ રખાયા






ગુર્જર સુતાર જ્ઞાતિ-મોરબી દ્વારા મહાશુદ-૧૩ને તા. ૨૫-૨-૨૧ના રોજ વિશ્વકર્મા જયંતીની ઉજવણી હાલ કોરોનાની પરિસ્થિતિને કારણે ફકત પુજા અર્ચનાની ધાર્મિક વિધિ કરીને જ ઉજવણી કરવામાં આવી.જેમાં સવારે ૬ વાગ્યે મંગળા આરતી, ૭ વાગ્યે પ્રભાત આરતી, ૧૦ વાગ્યે ધ્વજારોહણ બપોરે ૧૨ વાગ્યે શ્રૃંગાર દર્શન તથા સાંજે ૭ વાગ્યે સંધ્યા આરતી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ આરતી તથા દર્શનનો લાભ લીધો હતો. દરેક જ્ઞાતિજનોને કુટુંબ દિઠ પ્રસાદ પેકેટ આપવામાં આવ્યા હતા.

દર વર્ષે જ્ઞાતિ દ્વારા વિશ્વકર્મા જયંતીના દિવસે યોજાતી શોભાયાત્રા, વિદ્યાર્થી સન્માન, દાતાશ્રીઓનું સન્માન રમતગમતના કાર્યક્રમો તથા જ્ઞાતિ સમુહભોજનના કાર્યક્રમો વર્તમાન કોરોનાની પરિસ્થિતિને કારણે બંધ રાખવામાં આવેલ.

આ વિશ્વકર્મા જયંતીની ઉજવણીમાં મોરબી ગુર્જર સુતાર જ્ઞાતિની કારોબારી કમિટી તથા શ્રી ગુર્જર સુતાર વિદ્યાર્થી ભવનના ટ્રસ્ટીશ્રીઓ તથા કાર્યકરોએ સુંદર આયોજન કરી કાર્યક્રમને સફળ બનાવેલ.

# ગુર્જર સુતાર જ્ઞાતિ વાંકાનેર દ્વારા આરતી, ધ્વજારોહણ જેવા ધાર્મિક કાર્યક્રમો યોજી વિશ્વકર્મા જયંતી ઉજવાઇ

## કોરોનાને કારણે સમુહ ભોજન, ઈનામ વિતરણ, તથા સાંસ્કૃતિક કાર્યક્રમ રદ કરવામા આવેલ





શ્રી ગુર્જર સુથાર જ્ઞાતિ વાંકાનેર દ્વારા મહાશુદ-૧૩ તા. ૨૫-૨-૨૧ના રોજ વિશ્વકર્મા જયંતીની ઉજવણી વિશ્વકર્મા મંદિર ખાતે ધાર્મિક કાર્યક્રમો દ્વારા કરવામાં આવેલ. જેમાં સવારે ૬.૩૦ કલાકે દાદાની મંગળા આરતી, સવારે ૭.૩૦ કલાકે ધ્વજારોહણ જેના યજમાન હરીલાલભાઇ માવજીભાઇ પિલોજપરા પરિવાર હતાં. જેમના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવેલ. તેમજ બપોરે ૧૨ કલાકે દાદાની મહાઆરતી કરવામાં આવી હતી. સર્વે જ્ઞાતિજનોએ આ આરતી તથા દર્શનનો લાભ લીધો હતો.

દર વર્ષે યોજતા જ્ઞાતિ સમુહભોજન, ઇનામ વિતરણ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો હાલની કોવિડ-૧૯ની સરકારી ગાઇડલાઇનના કારણે રદ કરવામાં આવેલ અને ફકત દાદાની આરતી, ધ્વજારોહણ જેવા ધાર્મિક કાર્યક્રમો જ યોજાયા હતા. આ કાર્યક્રમના આયોજનમાં પ્રમુખ વિનોદભાઇ પિલોજપરા, ઉપપ્રમુખ જયંતીભાઇ બદ્રકિયા તથા મંત્રી મહેશભાઇ ભાડેશીયા તેમજ કારોબારીનાં સભ્યો અને કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુથાર જ્ઞાતિ મંડળ-સુરત દ્વારા સમુહલગ્નના આયોજન સાથે વિશ્વકર્મા જયંતીની ઉજવણી









શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુથાર જ્ઞાતિ મંડળ સુરત દ્વારા વરાછા મીનીબજાર ખાતે શ્રી વિશ્વકર્મા જયંતિ નિમિતે શ્રી વિશ્વકર્મા પૂજન અને સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૨ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડયા હતા.

કોરોનાને લીધે સરકારની ગાઈડલાઈન મુજબ સવારે ૯ વાગ્યાથી ૧૨ વાગ્યા દરમિયાન તમામ જ્ઞાતિબંધુઓ માટે માત્ર દર્શન કરવા આવવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા.. ઘણા જ્ઞાતિબંધુઓએ શ્રી વિશ્વકર્મા દાદાના દર્શન કરવાનો લાભ લીધો હતો.

બપોરબાદ સમુહલગ્નનું આયોજન કરવામાં આવેલ. જેમાં બે નવદંપતિઓ આ સમુહલગ્નમાં જોડાયા હતા. કોરોનાની સ્થિતિને કારણે સરકારની ગાઇડલાઇન મુજબ વર-કન્યા બંને પક્ષે નિયત સંખ્યામાં જ આમંત્રિત કરાયા હતા. સાંજે કન્યા વિદાય બાદ ભોજન સમારંભ રાખવામાં આવેલ.

આ પ્રસંગે સુરત મહાનગર પાલિકાના નવનિયુક્ત કોર્પોરેટર અને સમાજ સાથે હરહમેશ ઉભા રહેતા શ્રી કેયુરભાઈ ચપટવાલા અને કરંજના કોર્પોરેટર અને એડવોકેટ તેમજ સમાજને અડધી રાત્રે પણ ઉપયોગી થતા શ્રી રાજેશભાઇ જોળિયા એ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી..

આ પ્રસંગે ભોજનનાં દાતા અને દીકરીઓના પરણેતરના દાતાશ્રી જયસુખભાઈ પાટણવાડિયા અને તેમના પરિવારને ને સન્માનિત કરવામાં આવ્યા હતા..સમાજ અગ્રણી શ્રી નટુભાઈ ઉજેનિયા, જે.બી.તલસાનિયા, દિલીપભાઈ સોંડાગર, અશોકભાઈ માંડવિયા, શ્રીમતી દેવિકાબેન જાદવાણી એ હાજરી આપી હતી..

આ પ્રસંગે આકસ્મિક મુલાકાતે આવેલા પટેલ સમાજના પ્રમુખ શ્રી કાનજીભાઈ ભાલાળા, શ્રી બાબુભાઇ જીરાવાલા અને શ્રી હરિભાઈ કથીરીયા એ જણાવ્યું હતું કે આ કપરા સમયમાં પણ સમૂહલગ્નનું આયોજન કરી સુથાર સમાજ એ બીજા સમાજો ને એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે એ બદલ ખરેખર ધન્યવાદ આપવા લાયક છે

અધ્યક્ષશ્રી બકુલભાઈ ધારૈયા, પ્રમુખશ્રી કિશોરભાઈ ઉચડિયા, મંત્રી શ્રી પ્રવિણભાઇ સોંડાગર, ખજાનચી શ્રી નરેન્દ્રભાઇ દુદકિયા એ તમામ ટ્રસ્ટીઓ , સ્વયંસેવકોને સન્માનિત કરી અને આ કાર્યમાં સહભાગી થયેલા તમામ જ્ઞાતિબંધુઓનો આભાર વ્યક્ત કરી બિરદાવ્યા હતા..

સમગ્ર કાર્યક્રમ દરમિયાન ટ્રસ્ટી શ્રી નલિનભાઈ ભારદીયા, રાજેશભાઇ બોરાણીયા, રમેશભાઈ તલસાણીયા હસુભાઈ વઘાડીયા સહિત તમામ ટ્રસ્ટીશ્રીઓ એ સુંદર વ્યવસ્થા કરી હતી...

તમામ સ્વયંસેવકોએ ખડેપગે ઉભા રહી આ કાર્યક્રમને સફળ બનાવવા માટે યોગદાન આપ્યું હતું....

સમાજના સેવાભાવિ યુવાન ઋત્વિક સચાણીયા એ સમગ્ર કાર્યક્રમની ફોટોગ્રાફી નિઃશુલ્ક કરી આપી હતી..

સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન અજય સોંડાગર, ઘનશ્યામ નાગ્રેચા, ગોપાલ ઉચડિયા અને શૈલેષભાઈ ઝીંઝુવાડીયા દ્વારા કરવામાં આવ્યું હતું..

પ્રમુખશ્રી કિશોરભાઈ અને મંત્રીશ્રી પ્રવિણભાઈ સોંડાગર એ સ્વયંસેવકોનો વિશેષ આભાર વ્યક્ત કરી પડદા પાછળના મહારથી ગણાવ્યા હતા અને ભવિષ્યમાં પણ સાથ સહકાર આપતા રહે એવી આશા વ્યક્ત કરી હતી.. આ સાથે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મહેનત કરનાર તમામનો આભાર વ્યક્ત કર્યો હતો...

**અહેવાલ - અજય સોંડાગર સુરત**

# ગુર્જર સુતાર જ્ઞાતિ ઉપલેટા દ્વારા પુજા, આરતી તથા ધ્વજારોહણ જેવા ધાર્મિક કાર્યક્રમો સાથે વિશ્વકર્મા જયંતીની ઉમંગભેર ઉજવણી





શ્રી વિશ્વકર્મા ગુર્જર સુતાર જ્ઞાતિ-ઉપલેટા દ્વારા સૃષ્ટિના સર્જનહાર આપણા ઈષ્ટદેવ શ્રી વિશ્વકર્મા દાદાની જન્મજયંતીની ઉજવણી મહાસુદ-૧૩ને તા. ૨૫-૨-૨૧ના રોજ ઉજવણી કરવામાં આવી હતી.

હાલના કોરોનાના કારણે આ વર્ષે શોભાયાત્રા તથા જ્ઞાતિભોજનનના કાર્યક્રમો રદ કરવામાં આવેલ. રાબેતા મુજબ પુજન, આરતી, તથા ધ્વજારોહણના કાર્યક્રમો તેમજ મિટીંગ રાખવામાં આવી હતી. આ પ્રસંગે દાદાની મંગળા આરતી, સવારે ૭ વાગ્યે, પુજનવિધિ ૮ વાગ્યે, મહાઆરતી ૯ વાગ્યે, ધ્વજારોહણ ૯.૩૦ વાગ્યે તેમજ ૧૦ વાગ્યે મહાપ્રસાદી (દાદાનો પ્રસાદ) વિતરણ રાખવામા આવેલ.

આ પ્રસંગે આરતી તથા પુજનમાં ત્રણ પરિવારો બેઠા હતા. જેમાં (૧) મનિષભાઇ રમણીકભાઇ કરગથરા (૨) જીતુભાઇ ભુદરજીભાઇ ઘોરેચા તથા (૩) દિપકભાઇ દામજીભાઇ સંચાણિયા બેઠા હતા. ધ્વજારોહણ કિશોરભાઇ હંસરાજભાઇ ઘોરેચાના હસ્તે કરવામાં આવેલ તથા મહાપ્રસાદી (દાદાનો પ્રસાદ) દિપકભાઇ દામજીભાઇ સંચાણિયા તરફથી રાખવામાં આવેલ. મહાપ્રસાદી બાદ સર્વે જ્ઞાતિજનોએ ધુન-ભજનનો લાભ લઇ ઉત્સવનો આનંદ લીધો હતો.

આ વિશ્વકર્મા જયંતીની ઉજવણીમાં પ્રમુખ સુરેશભાઇ છત્રાલીયા, ઉપપ્રમુખ વિનુભાઇ મેસવાીણયા, મંત્રી રમેશભાઇ ગોવિંદીયા, સહમંત્રી જીતુભાઇ ઘોરેચા, સહમંત્રી લલિતભાઇ કરગથરા તથા સભ્યોમાં પ્રતાપભાઇ વેકરીયા, સંજયભાઇ વડગામા, જેન્તીભાઇ બકરાણિયા, ભાવેશભાઇ વડગામા, વિજયભાઇ વેકરીયા, રમેશભાઇ ઘોરેચા, વિપુલભાઇ ઘોરેચા, કમલેશભાઇ વેકરીયા, ચેતનભાઇ વડગામા, નિખીભાલઇ નાગ્રેચા, શૈલેષભાઇ મેસવાણિયા તથા દિપકભાઇ સંચાણિયાએ જહેમત ઉઠાવી હતી.

**અહેવાલ : શૈલેષભાઇ છત્રાલિયા (પ્રમુખ)**

# અમરેલીમાં શ્રી વિશ્વકર્મા જયંતીની ધામધૂમથી ઉજવણી

અમરેલીમાં શ્રી વિશ્વકર્મા જયંતીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી અમરેલીમાં શ્રી વિશ્વકર્મા ચેરીટેબલ ટ્રસ્ટ અને ગુર્જ્જર સમાજ દ્વારા શ્રી વિશ્વકર્મા દાદા ને જયંતીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી આ કાર્યક્રમમાં આરતીના મુખ્ય દાતાશ્રીઓ કમલેશભાઈ બોરાણીયા, કિશોરભાઈ સંચાણીયા અને ભાવેશભાઈ તલસાણીયાએ દાદાની પૂજનવિધિ તથા આરતી ઉતારી હતી. આ કાર્યક્રમમાં કોરોના મહામારીમાં લોકડાઉન સમયે જે સમાજના દાતાશ્રીઓએ સમાજને યોગદાન આપેલ તે દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું અને કોરોના મહામારીમાં જ્યારે સાવ લોકડાઉન હતું ત્યારે ઘરની  પણ બહાર નીકળવાની મનાઈ હતી એ સમયે જે ભાઈઓએ કોરોના વોરિયર્સ તરીકે  સેવા આપેલ એવા અરૂણભાઇ આદ્રેજા દિલીપભાઈ વડગામમાં અને કિર્તીભાઈ બકરાણીયા કે જેણે કોરોનામાં લોકડાઉન સમયે અનાજની કીટ ઘરે ઘરે જઈને પહોચાડેલ તે ભાઈઓનું સન્માન કરવામાં આવેલ સાથે સાથે વિરોધ પક્ષના નેતા શ્રી પરેશભાઈ ધાનાણીનું પણ વિશ્વકર્મા દાદાના ફોટા વાળો મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ અને તે સાથે સારી એવી કાર્યશીલતા અને સારા એવા સમાજના  કાર્ય બદલ સમાજ દ્વારા અને શ્રી વિશ્વકર્મા ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી દ્વારા પ્રમુખ શ્રી અરુણભાઈ બી આદ્રેજા નુ સાલ ઓઢાડી અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે પ્રમુખ શ્રી અરૂણભાઈ આદ્રેજા, મંત્રી શ્રી જીગ્નેશભાઈ આદ્રેજા, સહમંત્રી શ્રી જીતેન્દ્રભાઈ ભેસાણીયા, ખજાનચી ઋતિલભાઇ અડિયેચા, ઉપપ્રમુખ વિશાલભાઈ ખંભાયતા, ભાવેશભાઈ ભેસાણીયા, વરૂણભાઈ વડગામા, વિજયભાઈ બકરણીયા, મુકેશભાઇ બાસોપિયા, નીમેશભાઈ આદ્રેજા, હિતેશભાઈ આદ્રેજા તથા દિલીપભાઈ વડગામા, કિર્તીભાઇ બકરાણીયા, જીવનભાઈ ભેસાણીયા, કાળુભાઈ ખંભાયતા, કિશોરભાઈ સંચાણીયા, કનુભાઈ આદ્રેજા, જયંતીભાઈ વડગામા, અશ્વિનભાઈ બકરાણીયા, જગદીશભાઈ બકરાણીયા, કેતનભાઇ ધ્રાંગધ્રરિયા, પ્રફુલભાઈ સિંનરોજા તથા દિપેશભાઈ બકરાણીયા તથા તમામ જ્ઞાતિજનો અને વેપારી મંડળોએ સાથે મહાપ્રસાદ લીધેલ કાર્યક્રમને સફળ બનાવવા જ્ઞાતિજનોએ સારો એવો સહકાર આપી અને આ પ્રસંગને દીપવેલ હતો આ કાર્યક્રમનું સંચાલન સિંગર શ્રી ભરતભાઈ પ્રજાપતિએ કરેલ હતું એમ અરૂણભાઈ આદ્રેજા એ જણાવેલ છે. આ કાર્યક્રમમાં મામલતદાર શ્રી આરજુબેન ગજજર પણ ઉપસ્થિત રહયા હતા



# શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિ યુથ ફોરમ-નવા વાડજ દ્વારા

# મંદિર અને પરિસરનાં નવિનીકરણના સેવાભાવી કાર્યકરોના સન્માન સાથે વિશ્વકર્મા જયંતીની ઉજવણી








શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિ યુથ ફોરમ-નવા વાડજ અમદાવાદ ખાતે મહાસુદ તેરસને તા. ૨૫-૨-૨૧ના વિશ્વકર્મા જયંતીની ઉજવણી યુથ ફોરમ પરિસરમાં આવેલ વિશ્વકર્મા દાદાના મંદિરે ખુબ જ પ્રસન્નતા અને ઉત્સાહપૂર્વક કરવામાં આવી. વહેલી સવારથી જ જ્ઞાતિજનો દર્શનાર્થે આગમન શરૂ થઇ ગયું હતું. કોરોનાને કારણે આ વર્ષે મહાપ્રસાદ (સમુહભોજન) બંધ રાખવામાં આવેલ. પરંતુ જ્ઞાતિજનોના ઉત્સાહ અને ઉમંગમાં ક્યાંય ઓટ દેખાતી ન હતી.

આ પ્રસંગે લોકસંસ્કૃતિ અને લોકડાયરાનું આયોજન કરવામાં આવેલ. જેમાં કલાકારો ખિલ્યા હતાં અને જ્ઞાતિજનો પણ ડાયરાના રસમાં તરબોળ થઇ ગયા હતાં. કંઠ અને સુરમાં જ્ઞાતિજનોએ આરતીનો લાભ લીધો હતો. બહેનોએ દાદાના ગીતો તથા મા રાંદલના ગરબા અને નૃત્યનો લાભ લીધો હતો. આ પ્રસંગે દરેક જ્ઞાતિજનોને ચોખ્ખા ઘીના પાંચ લાડુનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. કાર્યકરોની મહેનત, પુરૂષાર્થ અને સમાજના ભાઇઓ બહેનોના સહકાર અને જુસ્સાના કારણે વિશ્વકર્મા જયંતીની ઉજવણી મધુર સંભારણુ બની ગઇ હતી. સંસ્થાના પ્રમુખ શાંતિભાઇ ખોડદીયાએ દરેક જ્ઞાતિજનોને આવકાર્યા હતા અને સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો.




યુથ ફોરમ પરિસરમાં આવેલ વિશ્વકર્મા દાદાના મંદિર અને હોલનું નવિનીકરણ કરવામાં આવેલ છે. આ બાબતની ખાસ નોંધનીય બાબત એ છે કે માલ મટીરીયલનો જ ખર્ચ સંસ્થાને થયો છે. બાકીનું દરેક કાર્ય જ્ઞાતિજનો-કાર્યકરોએ પોતાની જાતે જ સેવાના ભાવથી જ આ બધુ નવિનીકરણનું કામ કર્યું છે. અને દાદાનાં મંદિર અને હોલને નવો ઓપ આપેલ. આ કામની અંદાજે ૬૦ થી ૭૦ હજાર રૂપિયા જેટલીનું મજુરીકામ થાય તેટલું કામ આ સેવાભાવી કાર્યકરોએ કરેલ. માટે આ સેવાભાવી કાર્યકરો-જ્ઞાતિજનોને સમ્માનવા માટે વિશ્વકર્મા જયંતીની પૂર્વ સંધ્યાએ નવાવાડજ ખાતે જ એક કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં રમણીકભાઇ માથાસુરીયા (ભીખાભાઇ), અનિલભાઇ જાદવાણી, રાજેશભાઇ ખારેચા, બળદેવભાઇ જમનાપરા, હસમુખભાઇ જાદવાણી, નિલેશભાઇ ધ્રાંગધરિયા, રવિભાઇ પિલોજપરા, ભાવેશભાઇ પંચાસરા, જીજ્ઞેશભાઇ વડેચા, રાકેશભાઇ કંસોડા, હરમોહનભાઇ કલરવાળા, વાડીભાઇ વડગામા તથા ગૌતમભાઇ. આ સેવાભાવી કાર્યકરોનું શાલ તથા બુકે તથા પ્રશસ્તિ પત્ર અર્પણ કરી સન્માન પ્રફુલભાઇ સુરેલિયા(યુવક સંઘ પ્રમુખ), પરેશભાઇ છનિયારા, ધર્મેન્દ્રભાઇ ખંભાયતા, રમેશભાઇ તલસાણિયા, રમેશભાઇ સુથાર, હસમુખભાઇ પનારા, રાજુભાઇ ભારદીયા, હસમુખભાઇ વડગામા, વિજયભાઇ આહલપરા, કિરીટભાઇ આહલપરા, રમણીકભાઇ સંચાણિયા (વાસણા) તેમજ અન્ય નામાંકિત મહેમાનોના હસ્તે સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે પ્રમુખ શાંતિભાઇ ખોડદીયા, પરેશભાઇ છનિયારા તથા રમેશભાઇ સુથારે પ્રાસંગિક ઉદબોધન કરી આ શ્રમદાન કરનારા કાર્યકરોને બિરદાવ્યા હતાં. આ પ્રસંગે મહિલા ભજન મંડળની બહેનો સહિત ૧૫૦ જેટલા આમંત્રિતો પધાર્યા હતા અને કાર્યક્રમના અંતે સૌએ સાથે ભોજન લીધુ હતું.

આ વિશ્વકર્મા જયંતી ઉત્સવ અને કાર્યકરોના સન્માન કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ શાંતિભાઇ ખોડદીયા, શંકરભાઇ સોલગામા, મંત્રી પ્રવીણભાઇ કંસોડા, જયંતીભાઇ છનિયારા, રાજેશભાઇ ખારેચા, ઉત્સવમંત્રી વિનોદભાઇ ત્રેટીયા, પ્રચારમંત્રી જીતેન્દ્રભાઇ વડગમા, પ્રકાશભાઇ જાદવાણી, મહેશભાઇ જાદવાણી, પ્રવીણભાઇ છનિયારા તથા વાડીભાઇ વડગામાએ જહેમત ઉઠાવી અને કાર્યક્રમને ખુબ જ સુંદર અને સફળ બનાવ્યો હતો.


**(અહેવાલ : શાંતિભાઇ ખોડદીયા)**

# શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ જામ ખંભાલીયા દ્વારા શ્રી વિશ્વકર્મા જયંતી મહોત્સવ તથા મંદિરનો ૧૫ મો પાટોત્સવ હર્ષઉલાસથી ઉજવાયો





તારીખ.૨૫/૦૨/૨૦૨૧ ને ગુરૂવાર ના શુભ દિવસે સુષ્ટિ ના સર્જનહાર પરમ કૃપાળુ વિશ્વવંદનીય શ્રી વિશ્વકર્માદાદા ની જન્મ જયંતી તથા મંદિરનો ૧૫ મો પાટોત્સવ હર્ષઉલાસ થી ઉજવાયો હતો.



જેમાં વહેલી સવારે વિશ્વકર્માદાદા ની મંગળા આરતી થી દિવસની શુભ શરૂઆત થઇ હતી. ત્યારબાદ પાટોત્સવ હવન તથા નુતન ધ્વજારોહણમાં દાતા શ્રી પરીવાર તથા જ્ઞાતિજનો એ ભક્તિ ભાવ થી ભાગ લીધેલ હતો.

ત્યારબાદ શ્રી વિશ્વકર્મા જયંતી મહોત્સવ ના દિવસ દરમ્યાનના દરેક કાર્યક્રમ ના દાતા શ્રી મોહનભાઇ કેશવજીભાઇ પંચાસરા પરિવાર હતા ગુર્જર સુતાર જ્ઞાતિ ખંભાલીયા દ્વારા શ્રી મોહનભાઇ કેશવજીભાઇ પંચાસરા ત્યા તેમના પરિવાર જેનોનું અદકેરુ સન્માન કરવામાં આવ્યું હતું સન્માન ના કાર્યક્રમની શરૂઆત સ્વાગત પ્રવચન શ્રી જેન્તીભાઇ સવજીભાઇ સૂરેલીયાએ કરેલ ત્યારબાદ દાતા શ્રી મોહનભાઇ કેશવજીભાઇ પંચાસરાએ સન્માનીત કર્યા હતા અને નિયમક સમીતીના શ્રી લાલજીભાઇ સવજીભાઇ વઘાડીયા એ શ્રી વિશ્વકર્મા પ્રભુજી નો ફોટો તેમજ સન્માનપત્ર તથા શ્રી વિશ્વકર્મા પુરાણ અર્પણ કર્યા હતા.

ત્યારબાદ દાતા શ્રી પરિવાર ના શ્રીમતી હંસાબેન મોહનભાઇ પંચાસરાનું સન્માન દેવકુવરબેન દેવરામભાઇ સૂરેલીયાએ શાલથી સન્માન કર્યુ હતું. શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ ખંભાલીયા ના પ્રમુખ શ્રી હરૂભાઇ ગોવિંદભાઇ વઘાડીયા નું સન્માન શ્રી જેન્તીબેન સવજીભાઇ સૂરેલીયા એ કર્યુ હતું. તેમજ મંચ પર બિરાજેલા દાતાશ્રી પરિવારના સભ્યો તથા આમંત્રીત મહેમાનો નું શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ ના કાર્યક્રમો દ્વારા સુંદર રીતે સન્માન કરવામાં આવ્યું હતું.

દાતાશ્રી પરેશભાઇ મોહનભાઇ પંચાસરા એ દાદાના મંદિરના પુજારી શ્રી બળવંતરાય થાનકીને સુંદર ભેટ આપવામાં આવી હતી.

વર્તમાન સમયમાં મહામારી ને ધ્યાનમાં રાખીને મહાપ્રસાદ સ્વરૂપે દરેક પરિવારને પ્રસાદ ના પેકેટ આપવામાં આવ્યા હતા અને સમુહભોજન તથા કાર્યક્રમ મુલતવી રાખેલ હતો.

ત્યારબાદ સાંજે સંધ્યા મહા આરતી નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં કમળના આકારે ૧૦૮ દિપમાળા પ્રજવલિત કરવામાં આવી હતી.

જેના દર્શન કરી જ્ઞાતિજનો ભાવવિભોર થયા હતા. આ સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવામાં કાર્યવાહક સમીતી નિયામક સમીતી શિક્ષણ સમીતી તથા મંદિર સમીતી તેમજ જ્ઞાતિના નાના મોટા સૌ કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને ખુબજ સફળ બનાવ્યો હતો.


(આ સમગ્ર કાર્યક્રમમાં સરકારશ્રી ના નિયમોનું ચુસ્ત પણે પાલન કરવામાં આવ્યું હતું )








# શ્રી ગુર્જર સુતાર સમાજ મણિનગર શ્રી વિશ્વકર્મા બાગમાં શ્રી રાંદલ માતાના લોટાનું સુંદર આયોજન





અમદાવાદમાં તાઃ ૨૮-૦૨-૨૦૨૧ના રોજ શ્રી ગુર્જર સુતાર સમાજ મણિનગર શ્રી વિશ્વકર્મા બાગમાં પ્રમુખશ્રી હસમુખભાઇ ગીરધરભાઈ શંખલપરા અને ત્યાંના કમિટી મેમ્બર દ્વારા શ્રી રાંદલ માતાના (૫ જોડી) લોટાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના આગેવાનો ધર્મપ્રેમી જનતા હાજર રહ્યા હતા. અને રાંદલ માતા અને દાદાના દર્શન કરી આશીર્વાદ સાથે ૭૦ ગોરણીય અને ૧૫૦ જેટલા આમંત્રીત મહેમાનોએ પ્રસાદનો લાભ લીધા હતા. દરેક ગોરણીઓને પ્રમુખશ્રી હસમુખ ભાઈ શંખલપરા તરફથી લાણી આપવામાં આપી હતી. સમગ્ર પ્રસંગ દરમ્યાન કોરોનાની ગાઈડલાઈનને ધ્યાનમાં રાખીને અને સોશિયલ ડિસ્ટર્સિંગ રાખીને ખૂબ સરસ આયોજન કરવામાં આવ્યું હતું. સાજે સાત વાગે માતાજીની આરતી કરી આશરે ૧૦૦ જેટલા જ્ઞાતીજનોએ પ્રસાદ લીધો હતો.

# ખીમરાણ મુકામે સમગ્ર અનુવાડિયા પરિવાર દ્વારા શાંતિ યજ્ઞ યોજાયો





સમગ્ર અનુવાડિયા પરિવારનાં જામનગર નજીક આવેલ ખીમરાણા મુકામે સમગ્ર કુટુંબના સુરાપુરા દાદાનું સ્થાનક આવેલ છે. આ સુરાપુરાદાદાના સ્થાનકના સાનિધ્યમાં તા. ૧૨/૩/૨૧ને શુક્રવારનાં રોજ શાંતિયજ્ઞનું આયોજન કરવામાં આવેલ. યજ્ઞનો પ્રારંભ સવારે ૭ વાગ્યે કરવામાં આવેલ તથા બપોરે ૧૨.૩૦ કલાકે ઉપસ્થિત સમગ્ર અનુવાડિયા પરિવારની હાજરીમાં બીડુ હોમાયું હતું. આ યજ્ઞમાં સાતક તરીકે રાજકોટનાં તૃપ્તીબેન તથા ધર્મેશભાઇ ગોરધનભાઇ અનુવાડિયા બેઠા હતાં. યજ્ઞ બાદ સૌએ સમુહ ભોજન લીધું હતું.આ પ્રસંગે સમગ્ર અનુવાડિયા પરિવારનાં પરિવારજનો રાજકોટ, મોરબી, રાતનપર વગેરે શહેરોથી અંદાજે ૨૫૦ જેટલા લોકો પધાર્યા હતા. આ યજ્ઞનાં આયોજનને સફળ બનાવવા નારણભાઇ અનુવાડિયા, મનસુખભાઇ અનુવાડિયા, મુકેશભાઇ અનુવાડિયા, ધર્મેશભાઇ અનુવાડિયા તથા યશ જગદીશભાઇએ જહેમત ઉઠાવી હતી.

# શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર સમુહલગ્ન સમિતિ અમદાવાદ દ્વારા સમુહ લગ્ન યોજાયા

## ચાર નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડયા





શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર સમુહલગ્ન. આયોજન સમિતિ-અમદાવાદ- --તારીખ.૭/૩/૨૧ ને રવિવારના મંગલદિને સમુહલગ્ન આયોજન સમિતિ દ્વારા ૪૩માં.લગ્નનુ આયોજન કરવામાં. આવેલ-હતું સમુહલગ્નનું દાયિત્વ યુવક.સંઘે અમદાવાદની સમગ્ર ચલાયમાન સંસ્થાના સહયોગથી નિભાવેલ હતું.-આ અવસરમાં ૪ લગ્નો હતા--અને કોરોના મહામારીના સંજોગોને કેન્દ્રમાં રાખી. મહેમાનોની સંખ્યા નિયંત્રિત કરવામાં આવી હતી--.મહેમાનો. અને અન્ય આમંત્રિતો મળી.૪૦૦ની સંખ્યામાં.લોકસમુહ આ અવસરને દૈદિપ્તમાન કરતા હતા--લગ્નની વ્યવસ્થા સુંદર. અને સુચારુ હતી-બન્ને.પક્ષે સંતોષ. અને.ખુશહાલનો ભાવ નિતરતો હતો-શાસ્ત્રોક વિધિ અને--લગ્નગીતોના માહોલમાં આનંદની.લહેરની અનુભૂતિ થતી હતી-પિયરને અલવિદા કહેતી દિકરીઓને કરિયાવર ૮૫ થી ૯૦ જણસો ભેટમાં-(રોકડ કવર અલગ) ઉદાર ભાવથી મળી હતી- સંસ્થાના પ્રમુખ. શ્રી પ્રફુલ્લભાઈ સુરેલિયા-સતત ક્રિયાશીલ નજરે પડતા હતા-;મણિનગર બાગના. પ્રમુખ. શ્રી હસમુખભાઈ શંખલપરા,.યુથફોરમના પ્રમુખ. શ્રી શાંતિભાઈ ખોડદિયા, વેજલપુર મંડળના ટ્રસ્ટી શ્રી રમેશભાઈ તલસાણિયા એ ઉપરાંત આ સંસ્થાના કારોબારી સભ્યોએ સતત હાજરી.આપી પ્રેરણા પૂરી પાડી હતી--સમાજના અગ્રણીઓ શ્રી પરેશભાઈ છનીઆરા,.શ્રી જગદીશભાઈ સચાણિયા . શ્રી કાન્તીભાઈ સુરેલિયા--શ્રી મનુભાઈ પિસાવડીયા,શ્રી ચંદુભાઈ ભાલારા,.શ્રી હસમુખભાઈ પનારા, શ્રી બાવળેચા, શ્રી તુલસીદાસ સોનીગ્રા. શ્રી કાન્તીભાઈ તલસાણિયા, ગજ્જર ગ્રુપ-પાલડી પ્રગતિ મંડળના સભ્યો. ,શ્રી ઘનશ્યામભાઈ. વણોદિયા, શ્રી અરવિંદભાઈ સચાણિયા, શ્રી રમણિકભાઈ. બાસોપિયા, ,. આ અવસરને શોભાયમાન કરતા હતા-શ્રી હાથીજણ સંસ્થાના શ્રી વસંતભાઈ. ખંભાયતા તથા શ્રી ધર્મેન્દ્રભાઈ જોલાપરા અને તેમની ટીમે આ અવસરને સૌંદર્યયુકત ઓપ.આપવામાં પ્રસંશનીય.જહેમત ઉઠાવેલી-સુસ્વાદુ ભોજન.અને મ્યુનિસિપલની વિશાળ જગ્યાથી સો હર્ષિત હતા--સંક્ષિપ્તમાં, અવસર હર્ષજનક અને ઉત્કૃષ્ટ રહ્યો-ચાર જોડાએ રંગેચંગે દામ્પત્યજીવન પવિત્ર સફર શરૂ કરી

અહેવાલઃ-શાંતિભાઈ-આર.ખોડદિયા--અમદાવાદ.


# અભિયાન બેટી બચાવો બેટી પઢાઓ



આ બૂક ફકત આપણા સમાજ ને જાગૃત કરવા માટે અલકાબેન અંબાસણાએ આર્થિક સહયોગ આપી સમાજ ને નવી દિશા આપી છે આ સંદેશ સમાજમાં થતી સ્ત્રી ભૃણ હત્યાને રોકવા સમાજ ને અપિલ કરવામાં આવી છે. આ બૂક શ્રી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી તેમજ વિજયભાઇ રૂપાણી સુધી પહોંચાડવામાં આવી છે. તે માટે બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી અલકાબેન અંબાસણાને એવોર્ડ આપી સન્માનિત કરેલ છે જે ગુર્જર સુતાર જ્ઞાતિ માટે ગૌરવ છે.

# ખંભાયતા પરિવારના સુરાપુરા મંદિરના પાટોત્સવ ઉજવાયો





રાજકોટ-અમદાવાદ હાઈવે પર માલીયાસણ-ગામની સામે રોડથી ૭ કિલોમીટર દુર આવેલ ખેરડી ગામે ૨૩૦ વર્ષથી બિરાજતા ખંભાયતા પરિવારના સુરાબાપા ભઇલાબાપાનું સૌ પ્રથમ શીખર બંધ મંદિર નિર્માણ પામ્યાને બે વર્ષ પુર્ણ થતા અને ત્રીજા વર્ષમાં પ્રવેશ પામતા દ્વિતીય પાટોત્સવની ૧૭/૩ના બુધવાર ફાગણ શુદ-૪ના રોજ ભક્તિમય વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી.

સવારે મંદિરમાં પૂજન અર્ચન કરાયું હતું. અનીલભાઇ મોહનભાઇ ખંભાયતાએ સુરાબાપાના મંદિરમાં ધ્વજાનું પૂજન અર્ચન કાર્ય બાદ ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. બપોરે ખંભાયતા પરીવારના ૨૦૦ જેટલા ભાઇ-બહેનોએ પ્રીતી ભોજન લીધુ હતું.

હાલ સુરાપુરાનું શીખરબંધ મંદિર છે. ત્યાં વર્ષો પહેલા નાની દેરી હતી. ત્યારબાદ કિશોરભાઇ મોહનભાઇ ખંભાયતા (ડુનેક્ષ) એ જમીન ખરીદી અને આશરે ૪૫ લાખના ખર્ચે સુરાબાપાનું સૌ શિખરબંધ પ્રથમ મંદિરનું નિર્માણ કરી સમાજને અર્પણ કર્યુ હતું. મંદિરના નિર્માણબાદ મંદિરની બાજુની ૬૦૦ વાર જગ્યા પણ કિશોરભાઇ ખંભાયતાએ ખરીદ કરી ખંભાયતા પરિવારને અર્પણ કરી છે. આ જમીન પર ભવિષ્યમાં વિકાસ કરાશે પાટોત્સવ ના આયોજનને અશોકભાઇ ખંભાયતા, અનીલભાઇ ખંભાયતા, વિપુલભાઇ, મનસુખભાઇ ખંભાયતા વગેરેએ સફળ બનાવ્યું હતું.

આ પ્રસંગે કિશોરભાઇ ખંભાયતા ઉપરાંત ગુર્જર સુથાર કન્યા છાત્રાલયના ટ્રષ્ટીઓ ધનજીભાઇ પંચાસરા, મગનભાઇ બોરાણીયા, યોગીન છનીયારા, વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજ્જર વગેરે મહાનુભાવો ઉપસ્થીત રહ્યા હતા.

### ભાવનગર યુનિવર્સિટીમાં

## એમ.એ.(ઈગ્લીશ)માં યુનિવર્સિટી ફર્સ્ટ આવતા ગવર્નરના હસ્તે ગોલ્ડ મેડલ મેળવતી વિશ્વા આમરણીયા



ભાવનગરના શ્રીમતી ભાવનાબેન તથા ધર્મેન્દ્રભાઇ હીરાલાલ આમરણીયાની પુત્રી વિશ્વાએ ભાવનગરી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી દ્વારા એપ્રિલ-૨૦૨૦માં એમ.એ.(ઇંગ્લીશ)ની લેવાયેલી પરીક્ષામાં ૧૧૨૦/૮૨૩ માર્ક(૭૩.૪૮ ટકા)મેળવી યુનિવર્સિટી ફર્સ્ટ આવતા તેમણે ગોલ્ડ મેડલ મેળવેલ છે. તા. ૪-૩-૨૧ના રોજ ભાવનગર યુનિવર્સિટીના અટલ બિહારી બાજપાઇ ઓડિટોરીયમ ખાતે ગુજરાત રાજયના માનનીય ગવર્નર આચાર્ય દેવવ્રતશ્રી અધ્યક્ષતામાં અને વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિઓની હાજરીમાં યોજાયેલ ગરીમાપૂર્ણ દિક્ષાંત સમારોહમાં વિશ્વા આમરણીયાને માનનીય ગવર્નર આચાર્ય દેવવ્રતશ્રીની હસ્તે ગોલ્ડ મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ. આમ વિશ્વાએ યુનિવર્સિટી ફર્સ્ટ આવી આપણા સમાજનું નામ રોશન કરેલ છે.

વિશ્વા હાલ ગુજરાત યુનિવર્સિટીમાં પીએચ.ડી. કરી રહી છે અને ઉલ્લેખનીય છે કે વિશ્વા અંગ્રેજી ભાષાની સારી એવી ઉભરતી કવિયત્રી છે. વિશ્વાએ અંગ્રેજીમાં ઘણી પોએમ(કવિતા) લખી છે. તેમની પોએમ અંગ્રેજીમાં પ્રતિષ્ઠિત પુસ્તકોમાં પણ પ્રસ્દ્ધિ થયેલ છે. વિશ્વાના પિતા ધર્મેન્દ્રભાઇ આમરણીયા ભાવનગરની સરકારી હાઇસ્કુલમાં શિક્ષણ તરીકેની ફરજ બજાવે છે. વિશ્વા હજુ તેના પીએચ.ડી.ના અભ્યાસમાં સફળતા મેળવે તેવી વિશ્વકર્મા વિશ્વ તરફથી શુભેચ્છા...

# રસીકભાઇ બદ્રકિયા ત્રીજી વખત પ્રમુખ : મુકેશભાઇ વડગામા અધ્યક્ષ



રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિની ચૂંટણીમાં રસીકભાઇ બદ્રકિયાની પેનલ બીનહરીફ જાહેર થયા બાદ તા. ૪/૪ના રોજ બપોરે સાડા ચાર વાગ્યે નવી ટીમની શપથવિધિ યોજાઇ હતી. જેમાં રસીકભાઇ બદ્રકિયાએ ત્રીજી વખત પ્રમુખપદના શપથ લીધા હતા. નવી ટીમ નીચે પ્રમાણે છે.

ટ્રસ્ટી મંડળ : મુકેશભાઇ રતિભાઇ વડગામા (અધ્યક્ષ), જગદીશભાઇ મોહનભાઇ સોંડાગર (ઉપાધ્યક્ષ), દિનેશભાઇ નાનજીભાઇ ખંભાયતા (ટ્રસ્ટી), વિનયભાઇ મનહરભાઇ તલસાણિયા (ટ્રસ્ટી), મુકેશભાઇ કેશવજીભાઇ ભાડેશિયા (ટ્રસ્ટી).

કારોબારી સમિતિ : રસીકભાઇ દામજીભાઇ બદ્રકિયા (પ્રમુખ), કાંતિભાઇ પ્રેમજીભાઇ તલસાણિયા (ઉપપ્રમુખ), પ્રદિપભાઇ શાંતિભાઇ કરગથરા (મંત્રી), અરવિંદભાઇ બાબુભાઇ ત્રેટીયા (ખજાનચી), ગીરધરભાઇ પ્રભુદાસ ચાંપાનેરા (સહમંત્રી).

સભ્યો : હર્ષદભાઇ રસીકભાઇ બકરાણિયા, કિશોરભાઇ મનસુખલાલ અંબાસણા, દિલીપભાઇ બાબુલાલ પંચાસરા, શાંતિલાલ ધરમશીભાઇ સાંકેચા, મિતેષભાઇ શાંતિલાલ ધ્રાંગધરિયા, હરિલાલ કેશવજીભાઇ સીનરોજા, જનકભાઇ નારણભાઇ વડગામા, કિશોરભાઇ રવજીભાઇ બોરાણિયા, કેતનભાઇ મનસુખભાઇ મહિધરીયા, ઘનશ્યામભાઇ જાદવજીભાઇ દુદકીયા.

રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિ ટ્રસ્ટની તા. ૧૭/૩/૨૧ના રોજ મળેલ સામાન્ય સમામાં તા. ૪/૪/૨૧ના રોજ ચૂંટણી જાહેર કરવામાં આવી હતી અને ચૂંટણી અધ્યક્ષ તરીકે શ્રી પ્રવીણભાઇ જેરામભાઇ અઘારાનું નામ નકકી કર્યું હતું. ત્યારબાદ નિયમ પ્રમાણે અખબારોમાં તા. ૪/૪ના રોજ મતદાન તારીખ સહિતનો ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો. નિયત સમયમાં એકમાત્ર રસીકભાઇ બદ્રકિયાની પેનલ રજુ થઇ હતી. ૩૧/૩ ઉમેદવારી પાછી ખેંચવાના સમય સુધી એકપણ ઉમેદવારના ફોર્મ પરત ખેંચાતા તા. ૩૧ ના રોજ રસીકભાઇ બદ્રકિયાની પેનલ બિનહરીફ જાહેર થઇ હતી. ચૂંટણી બિનહરીફ થતા ચૂંટણી અધ્યક્ષ પ્રવીણભાઇ અઘારાએ મતદાન પ્રક્રિયા બંધ રાખવાની જાહેરાત કરી હતી. ત્યારબાદના ૪/૪ના રોજ યોજાયેલ શપથવિધિમાં નવી ટીમના નામ જાહેર કરાયા હતા અને હોદેદારોએ શપથ લીધા હતા.


## વિશ્વકર્મા વિશ્વ(માસિક)

રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ(સેન્ટ્રલ રૂલ્સ ૧૯૫૬) અન્વયે વિશ્વકર્મા વિશ્વ(ગુજરાતી, માસિક) અંગેની માહિતી(ફોર્મ નં. - ૪ રૂલ નં ૮)

| | | |
|---|---|---|
| ૧. | પ્રકાશનનું સ્થળ | : 'મેઘાવી', આર.એમ.સી. નગર, જૈન બોર્ડીંગ પાસે, એરપોર્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭(ગુજરાત) |
| ૨. | પ્રસિદ્ધીનો ગાળો | : માસિક (દર મહિનાની ૧૦મી તારીખે) |
| ૩. | મુદ્રક | : પ્રવિણ દયાળજીભાઈ ગજ્જર(ભાડેશીયા) |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : 'મેઘાવી', આર.એમ.સી. નગર, જૈન બોર્ડીંગ પાસે, એરપોર્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭(ગુજરાત) |
| ૪. | માલિક | : પ્રવિણ દયાળજીભાઈ ગજ્જર(ભાડેશીયા) |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : 'મેઘાવી', આર.એમ.સી. નગર, જૈન બોર્ડીંગ પાસે, એરપોર્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭(ગુજરાત) |
| ૫. | પ્રકાશક | : પ્રવિણ દયાળજીભાઈ ગજ્જર(ભાડેશીયા) |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : 'મેઘાવી', આર.એમ.સી. નગર, જૈન બોર્ડીંગ પાસે, એરપોર્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭(ગુજરાત) |
| ૬. | તંત્રી | : પ્રવિણ દયાળજીભાઈ ગજ્જર(ભાડેશીયા) |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : 'મેઘાવી', આર.એમ.સી. નગર, જૈન બોર્ડીંગ પાસે, એરપોર્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭(ગુજરાત) |

૭. જે વ્યકિતઓ આ અખબારના માલિક હોય અને કુલ થાપણના એક ટકાથી વધારે થાપણ રોકનાર ભાગીદારો અથવા શેરહોલ્ડરોના નામ તથા સરનામા ઉપરની કોલમ નં ૪-૫-૬ મુજબ છે.

હુ પ્રવિણ દયાળજીભાઈ ગજ્જર આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

સ્થળ : રાજકોટ
તારીખ : ૧૦-૪-૨૦૨૦

પ્રવિણ ડી. ગજ્જર
(માલિક-પ્રકાશક-તંત્રી-મુદ્રક)

## આને કહેવાય શ્રી વિજયભાઈની ગતિશીલ સરકાર

# રવિવારે પરીક્ષા... સોમવારે પરિણામ અને મંગળવારે સરકારમાં નોકરી : ગોંડલના અલ્કેશ ગજ્જર બન્યા હિસાબનીશ અધિકારી



ગોંડલના ભરતભાઇ અને લત્તાબેન ખંભાયતાના પુત્ર અલ્કેશ ખંભાયતાએ (ગુર્જર સુથાર) ગત રવિવારે હિસાબી અધિકારીની પરીક્ષા આપી હતી. અને બિજા દિવસે જ એટલે કે સોમવારે પરિણામ આવ્યું જેમાં અલ્કેશે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતા શ્રી વિજયભાઇ રૂપાણીની સરકારે તેમને તરત જ એટલે મંગળવારે જ પોલીસ આવાસ યોજનાના હિસાબી અધિકારી તરીકે નિમણુંક પત્ર આપી દીધો છે. અલ્કેશ ૧લી માર્ચથી પોતાની ફરજ પર હાજર થઇ ગયા છે. અલ્કેશ ખંભાયતાએ સીએ ફાઇનલની પરીક્ષા આપી છે. જેનું પરિણામ પણ માર્ચમાં આવી જવાનું છે. હાલ અલ્કેશ ખંભાયતા ગોંડલમાં ઇન્કમટેક્ષ અને જીએસટીની પ્રેકટીસ કરી રહયા છે. અલ્કેશ પિતા ભરતભાઇ મોટર રીવાઇડીંગનું કામ કરે છે. ગોંડલ સ્ટેટનું કામ તેઓ ત્રણ પેઢીથી કરી રહયા છે.

અલ્કેશ ગજ્જરને ગર્વમેન્ટની કાલ્સ ૩ની સર્વિસ મળતા પરિવારમાં આનંદ છવાયો હતો. પિતા ભરતભાઇ અને માતા લતાબેન તેમજ રાજકોટ રહેશી અલ્કેશ ગજ્જરની બહેન દિયા ગજ્જર(ખંભાયતા) અને ગજ્જર સમાજના આગેવાનોએ અભિનંદન આપ્યા હતા.

---

## શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિ યુથફોરમ–નવાવાડજ–અમદાવાદ

# દિવસ–રાત્રી ટેનિસ.બો ક્રિકેટ ટુર્નામેન્ટ– ૯મો શ્રી વિશ્વકર્મા કપ



શરીર સૌષ્ઠવ અને ગઠીલું રાખવા જેટલું..આહાર–વિહાર મહત્વ છે. ઍથીય વિશેષ. અહેમિયત કસરત અને રમતગમતની છે––સ્પોર્ટ્સ ઊમદા અને ઉત્કૃષ્ટ વ્યકિત્વનૂં.સર્જન.કરી સમાજની અનોખી સેવા કરે છે––રમતગમત છેત્રે યુવાપાંખને રૂચિ પેદા થાય અને સમાજ ઍકત્રિત થઈ સંગઠન. અને સંઘ ભાવના ઊર્જિત બને. તેવા અદ્બત વિચારને. ધ્યાનમાં રાખી વર્ષ ૨૦૧૨માં.આ ટુર્નામેન્ટના શ્રી ગણેશ.થયા હતા. ફક્ત ૨૦૨૦ના વર્ષમાં આ પ્રતિયોગિતા શૈતાની કોવિડ-૧૯ને કારણે યોજાય.શકી.નહી–અન્યથા આ ટુર્નામેન્ટનું સાતત્ય જળવાય રહ્યું.છે––આ ૯મી ટુર્નામેન્ટ છે. જે પ્રસ્તાવિત રીતે તારીખ.૨૪/૪/૨૧ના રોજ પ્રારંભ થશે અને તારીખ.૨/૫/૨૧ના દિવસે રોચક અને રોમાંચક FINALE સાથે તેનુ સમાપન થશે। નવ દિવસની અવધિનો આ કાર્નિવલ સમાજ મેળાવડાનુ સ્વરૂપ ધારણ કરે છે જયાં હુફ, હામ અને સ્નેહ ઝરણાના તાદ્દશ્ય દર્શન થાય છે. પ્રારંભના દિને ૩૨ ટીમોના ખેલાડીઓ બેન્ડવાજા સાથે "MARCH PAST" કરશેને ત્યારબાદ સમાજના જ કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ થશ. અંતિમ દિવસે વિશિષ્ટ મહેમાનોના સાનિધ્યમાં ટીમોને જયચિન્હ(ટ્રોફી) વિતરણ તથા શ્રેષ્ઠ ખેલાડીઓનુ સન્માન થશે. અંતમાં ખાસ નોંધ કરવાની કે અમદાવાદમાં કોરોનાના કારણે રાત્રે ૯ વાગ્યાથી કર્ફ્યુ છે. જેના કારણે ટુર્નામેન્ટના સમય અને તારીખમાં ફેરફાર થવાની પુરી શક્યતા છે. આયોજન સમિતિ મળશે અને આ અંગે તેમા યોગ્ય યથાર્થ અને વ્યાજબી નિર્ણય લેવામાં આવશે.


અહેવાલઃ શ્રી શાંતિભાઈ આર. ખોડદિયા(૯૭૨૫૦૬૬૩૦૪)

# શ્રી સુરમયી ગજ્જર ગ્રુપના કલાકારોએ રવિવારની સાંજ સુરમયી બનાવી











ગુર્જર સુથાર સમાજમાં રહેલા સંગીત-ગાયન અને વાદનના કલાકારોની કલાનો વ્યાપ વધે અને ઉગતી પ્રતિભાઓને સ્ટેજ મળે તેવી સંગીત કલાના વિકાસની ભાવનાથી ફકત ગુર્જર સુથાર કલાકારોનું પ્રથમવાર જ નવુ ગ્રુપ બનાવામાં આવ્યું છે. શ્રી સુરમયી ગજ્જર ગ્રુપના પ્રણેતા મનિષભાઇ પેશાવરીયા અને જીજ્ઞાસાબેન ગજ્જર છે કે જેઓએ સંગીત ક્ષેત્રે સારું નામ મેળવ્યું છે. આવા શ્રી સુરમયી ગજ્જર ગ્રુપના નેજા હેઠળ તા.૨૧ ના રોજ સરગમ કલબ સંચાલીત ઇવનીંગ પોસ્ટ ખાતે સુંદર મજાનો સંગીત સંધ્યાનો (સાજ હો તુમ, આવાજ હો તુમ) કાર્યક્રમ યોજાઇ ગયો સાંજના સાડા પાંચ થી ૯ વાગ્યા સુધી ચાલેલા આ કાર્યક્રમમાં કલાકારો હરેશભાઇ ઘોરેચા, મનીષ પેશાવરીયા, કલ્પેશ પંચાસરા, વિજય તલસાણીયા, શ્રીમતિ જીજ્ઞાસાબેન ગજ્જર, શ્રીમતિ વિશાખા ગજ્જર, શ્રીમતિ પ્રજ્ઞાબેન પીલોજપરા, શ્રીમતિ ભાવીકા તલસાણીયા એ એક એકથી ચડીયાતા ગીતો કરાઓકે દ્વારા રજુ સાંજની સંધ્યા સુરમયી બનાવી દીધી હતી. શ્રી મનસુખ વાવેચા એ પણ પોતાની કલા રજી કરી સુંદુર ગીતો ગયા હતા.

સામાન્ય રીતે કાર્યક્રમો માટે સ્પોન્સર શોધાતા હોય છે અને કાર્યક્રમનો ખર્ચ સ્પોન્સર ભોગવતા હોય છે. જ્યારે શ્રી સુરમયી ગજ્જર ગ્રુપ દ્વારા આયોજીત કાર્યક્રમની વિશિષ્ટતા એ હતી કે સમગ્ર કાર્યક્રમ સ્પોન્સર શોધ્યા વગર કલાકારોએ જાતેજ ખર્ચ ઉઠાવી લીધો હતો. કાર્યક્રમનું રસમયી શૈલીમાં સંચાલન જયેશભાઇ ગજ્જરે કર્યુ હતું. કાર્યક્રમનું દીપ પ્રાગટય ગુર્જર સુથાર જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકીયા, વિશ્વકર્માવિશ્વના તંત્રી પ્રવીણ ગજ્જર, શ્રી અરવિંદભાઇ ત્રેટીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટના જયેશભાઇ ઉપાધ્યાય દ્વારા આયોજકો મનીષભાઇ પેશાવરીયા, જીજ્ઞાબેન ગજ્જર વગેરેનું સ્મૃતિ ચીન્હ આપી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સુનીલભાઇ સીનરોજા, શ્રી મુકેશભાઇ વ્યાસ સહીતના એનક સંગીત પ્રેમીઓ ઉપસ્થીત રહ્યા હતા.



કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું મેગેઝીન
વિશ્વકર્મા વિશ્વ
ઉઠાવો કલમ...
વિશ્વકર્મા વિશ્વ કલા-કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું મેગેઝીન છે, આ એકમાત્ર મલ્ટીમીડિયા મેગેઝીન માટે આપ વાર્તા, કાવ્ય, ચિંતનાત્મક લેખક કે અન્ય કૃતિ (મૌલિક) મોકલી શકો છો. પસંદગીની કૃતિ વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થશે. આપની કૃતિ પ્રિન્ટ મીડિયા, વોટસએપ કે અન્ય સોશ્યલ મીડિયા પર પ્રકાશિત ન થયેલી હોવી જોઇએ.
સંપર્ક : પ્રવીણ ગજ્જર - મો. ૯૦૯૯૯ ૪૯૫૮૫
E-mail : vishwakarmavishwa@yahoo.com

# અમદાવાદનો પાર્થ પીલોજપરા એરોસ્પેસના ઉચ્ચ અભ્યાસ માટે કેનેડા જશે





અમદાવાદના હિતેષભાઇ મુળજીભાઇ અને નયનાબેન મીસ્ત્રી (પીલોજપરા) ના પુત્ર પાર્થએ વલસાડની સરદાર વલ્લભભાઇ પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીમાં એરોમેટીકલ એન્જીનીયરીંગમાં બી.ઇ.ની ડીગ્રી ડીન્સ્ટીંક્સન સાથે ફર્ષ્ટ કલાસ પ્રાપ્ત કરી અને હવે કેનેડાની કોન્કોડીયા યુનીવર્સીટીમાં માસ્ટર ડીગ્રી મેળવવા માસ્ટર ઓફ એરોસ્પેસ એન્જીનીયરીંગમાં પ્રવેશ મેળવી ઉચ્ચ અભ્યાસ શરૂ કરી દીધો છે.

પાર્થ કહે છે : મારા માતા નયનાબેન અને બા મીનાક્ષીબેન અને પિતાના અને દાદા પ્રોત્સાહનને કારણે કે ઉચ્ચ અભ્યાસમાં આગળ વધી રહ્યો છું. હાલ કોરોના કારાણે ઓનલાઇન અભ્યાસ શરૂ કરી દીધો છે. અને ૧૦મેના રોજ કેનેડા જવા રવાના થવાનો છું.

પાર્થના પિતા હિતેષભાઇ મુળજીભાઇ પીલોજપરા મુળ સૌરાષ્ટ્રના વાંકનેરના છે. અને વર્ષોથી તેઓ અમદાવાદ રહે છે. પાલડીમાં તેઓ મીસ્ત્રી ઓટો સેંટરના નામથી ઓટો ગેરેજના વ્યવસાયમાં વ્યસ્ત છે.

કેનેડાના ઉચ્ચ અભ્યાસ માટે લાખોનો ખર્ચ થાય છે. આ માટે પિતા ઉપરાંત તેમના દાદા મુળજીભાઇ અમરશીભાઇ મીસ્ત્રી કે જેઓ ઇસરોમાં ફીઝીકલ લેબોરેટરીમાં ફરજ બજાવી હાલ નિવૃત જીવન ગાળે છે. તેમનો પુરા સહયોગ પ્રાપ્ત થયો છે. પાર્થ કેનેડામાં એરોસ્પેસના ક્ષેત્રમાં ઉચ્ચતમ કારક્ષદી બનાવે તેવી વિશ્વકર્મા વિશ્વ પરીવાર તરફથી હાર્દીક શુભેચ્છા.

# મહિલા દિન નિમિતે– નારી રત્નનું સન્માન



બ્રહ્મકુમારી વિશ્વવિદ્યાલય દ્વારા આતંરરાષ્ટ્રીય મહિલા સંસ્થા બ્રહ્મકુમારીઝ દ્વારા રાજયોગીની બ્રહ્મકુમારી ભારતીદીદીના હસ્તે નારી રત્નોનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ૮ માર્ચ-૨૦૨૧ મહિલા દિન નિમિતે આઠ જ્ઞાતિના માલતીબેન મેસવાણીયા જેમનું જીવન સમાજ માટે પ્રેરણારૂપ છે. તેમને શાલ ઓઢાડી ઓ મેન્ટો આપી ન્માનિત કરી આશિર્વાદ આપેલા. માલતીબેન આ અગાઉ પણ ૮ માર્ચ-૨૦૧૮ મહીલા દિન નિમિતે રોટરી-કલબ ઓફ ગ્રેટ દ્વારા સન્નારી-સન્માનનું શિલ્ડ આપી સન્માનિત કરેલા જ્ઞાતિનું ગૌરવ માલતીબેનને શુભેચ્છા.....

## હરીકૃષ્ણ અડીએચા અને દિલીપ સંચાણિયાએ બનાવેલ

# ઘંટનો ગુંજારવ દુનિયાભરમાં ગુંજી ઉઠયો

**પ્રવીણ ગજ્જર**

૨૨ માર્ચ ૨૦૨૦થી દેશભરમાં લોકડાઉન થયું. દેશભરના મંદિરો પણ બંધ કરાયા અને પરીણામે મંદિરોમાં ઘંટારવ પણ બંધ થયા. ક્રમશ : લોકડાઉન ખુલતુ ગયું અને મંદિરોના દ્વાર પણ સરકારી ગાઇડલાઇન પ્રમાણે ખુલ્યા. પરંતુ મંદિરોમાં ઘંટ વગાડવામાં સંક્રમણની બીકે ઘંટારવ પણ બંધ હતા. ઘંટ પણ કાઢી નખાયા હતા. આવા વાતાવરણમાં રાજકોટના હરીકૃષ્ણભાઇ અડીએચા તેમના માતા-પિતા સાથે દિવાનપરામાં આવેલ વિશ્વકર્મા પ્રભુજીના મંદિરે દર્શને આવ્યા અને વિશ્વકર્મા પ્રભુજીના દર્શન કર્યા. આ સમયે હરીકૃષ્ણભાઇને ઘંટારવ વગરનાં દર્શન કરવામાં અધુરપ લાગી હરીકૃષ્ણભાઇની આ અધુરેપ જ ઘંટ વાગી શકે તેવા ઘંટનો ઉધભવ થયો. અને ૧૪ ડિસેમ્બરે વિશ્વકર્મા પ્રભુજીના મંદિરમાં ગુંજાપાનો એવા પ્રથમ ઘંટનો ગુંજારવ થયો. કેજે આ દુનિયાના પ્રથમ કહી શકાય તેવા ઇલેક્ટ્રોનીકસ મીકેનીકલ સરકીટ ધરાવતા ઘંટનો ગુંજારવ પુરા દેશમાં ગાજતો થયો.





વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં હરીકૃષ્ણભાઇ અડીએચા કહે છે પરીવાર સાથે વિશ્વકર્મા પ્રભુજીના દર્શન કરવા આવ્યા પરંતુ સરકારી ગાઇડલાઇન પ્રમાણે મંદિરના ઘંટ ઉતારી લેવાતા ઘંટારવ કરી શકાયો નહીં. અને મંદિરમાં ઘંટ ગુંજારવ વિનાના દર્શન અધુરા લાગ્યા. આજ સાથેજ વિચાર આવ્યો કે હાથ અડાડયા વગર ઘંટારવ ન થઇ શકે ? આવા વિચારબારના મનોમંથન બાદ હાથ લગાડયા વગર જ વાંગતા ઘંટનું નિર્માણ થયું. અને ૧૪ ડિસેમ્બરે દાદાના મંદિરે હાથ લગાડયા વગર વાગતા ઘંટનો ગુંજારવ શરૂ થયો. હરીકૃષ્ણભાઇ અડીએચા કહે છે. હું ઇલેક્ટ્રોનીકસનો જાણકાર પણ મીકેનીકલ લાઇન ન હોવાથી સેંસર આધારીત ઘંટ બનાવવાનો વિચાર મારા વર્ષાજુના મીત્ર આશિષભાઇ દિલીપભાઇ સંચાણીયાને કહી તેમનો મીકેનીકલ સાથ મળ્યો અને અમે બંનેએ ઇલેક્ટ્રોનીક મીકેનીકલ સરકીટ બનાવી. આ સરકીટ ઘંટ પર લગાવી આ એવી સરકીટ છે. જે ઘંટથી ૨ થી ૨૦ cm દુર હાથનો પંજો બતાવતાજ સેંસર દ્વારા ઘંટ વાગવા લાગે છે.

હરીકૃષ્ણભાઇ આમતો સોફ્ટવેર ઇજનેર છે. તેઓ મુળ કચ્છના છે. હરીકૃષ્ણભાઇના પિતા વસંતભાઇ અડીએચા આઇ.ટી.આઇમાં ફોરમેન હતા. ૨૦૧૩માં નિવૃત થયા છે. હરીકૃષ્ણભાઇએ B.E કમ્પ્યુટર કર્યા બાદ મુંબઇ અને અમદાવાદમાં નોકરી કરી. ૨૦૧૬થી તેઓ રાજકોટમાં કમ્પ્યુટર ઇજનેર ક્ષેત્રે કાર્યરત છે. હરીકૃષ્ણભાઇએ કહ્યું કે કચ્છ-આદિપુર વતન હોવાથી ત્યાં પણ આવો ઘંટ નાખવાનો સંકલ્પ હતો. જે પણ જયેશભાઇ પીનારાના મીકેનીકલ સહયોગથી આદીપુર મંદિરમાં પણ આવો સેંસરવાળો ઘંટ ફીટ કર્યો છે. આમ કોરોનાના કાળમાં રાજકોટના વિશ્વકર્મા પ્રભુજીના મંદિરમાં સેંસરવાળો પ્રથમ ઘંટનો ઘંટારવ થયા. આ ઘંટારાવના પડઘા દુનીયાભરમાં પડયા છે. રાજકોટનું વિશ્વકર્મા પ્રભુજીનું મંદિરના દુનિયાભરમાં ચમક્યું છે.

વિશ્વકર્મા પ્રભુજીએ આપેલ કલાના વારસાને હરીકૃષ્ણભાઇએ તથા આશિષભાઇએ ઘંટ નિમાર્ણ કર્યા અને રાજકોટના વિશ્વકર્મા પ્રભુજના મંદિરે લગાવ્યો તે રાજકોટ ગુર્જર સુતાર વિશ્વકર્મા પ્રભુજી મંદિર માટે ગૌરવની વાત છે.

# ક્યાંક આવી ભૂલ આપણે તો નથી કરતા'ને ?

ડો. વિષ્ણુ પ્રજાપતિ

જિંદગી એટલે દરરોજ નવું નવું શીખવાની પાઠશાળા. ભણતરની જિંદગી અને ગણતરની જિંદગી અલગ અલગ હોય છે. નીતનવા અનુભવોને આધારે આપણે જિંદગીના અવનવા પાઠ સતત શીખતા રહીએ છીએ અને તેને અમલમાં લાવીએ છીએ. ક્યારેક દ્રષ્ટાંત તો ક્યારેક સ્વાનુભવ, ક્યારેક અંતઃસ્ફૂરણા તો ક્યારેક કોઇક પછડાટ આપણને જિંદગીનો મહત્વનો બોધપાઠ શીખવાડીને જાય છે. આજે મારે જિંદગીનો એક મહત્વના તબક્કા વિશે વાત કરવાની છે, જેની આપણે અનેકવાર ભૂલ કરતા હોઇએ છીએ. આપણી જિંદગી ફક્ત આપણી એકલાની માલિકીની નથી હોતી. આપણી જિંદગીના ચાલકબળ અનેક લોકો હોય છે. અનેક લોકોની ઉર્જા, હૂંફ, લાગણી અને સંવેદના આપણી જિંદગીને સતત આગળ વધારવા પ્રેરણા આપતા હોય છે. કેટલાય અજાણ્યાં લોકો અને તેમનાથી ઉભી કરાયેલી વ્યવસ્થાને કારણે આજે આપણે સાનુકૂળ જિંદગી જીવી શકીએ છીએ.




આપણી પ્રત્યેક સગવડ પાછળ ફક્ત આપણો જ પરસેવો નહી પણ અનેક લોકોએ આપેલ પોતાનું મહત્વનું યોગદાન સામેલ હોય છે. આજે આપણે જે અન્ન ખાઇએ તેની પાછળ કેટકેટલી વ્યવસ્થા ગોઠવાઇ હશે ? આપણે જે કપડાં કે સારા ભૌતિક સુખ સાધનોનો મરજી મુજબ ઉપયોગ કરીએ છીએ તેને ઉપલબ્ધ કરાવવા કેટલાય લોકોએ તેમાં પોતાનો જીવ રેડ્યો હશે.... અર્થાત આપણી જિંદગીની પાછળ અનેક જિંદગીઓ આપણી સુરક્ષા કે આપણી સગવડો માટે સતત કામ કરતી હોય છે.



એક સત્યઘટના છે,

ડિસેમ્બર ૧૯૩૭, સ્ટમ્ફોર્ડ બ્રિજ સ્ટેડિયમ, લંડનમાં ચેલ્સિયા અને ચાર્લ્ટન ફૂટબોલ ક્લબ વચ્ચે ફૂટબોલની મેચ રમાઇ હતી તેની આ એક ઘટના છે. બન્ને વચ્ચે સવારે મેચ શરૂ કરવામાં આવી પણ ગાઢ ધૂમ્મસને કારણે મેચને થોડીવાર પછી રોકી દેવામાં આવી.

મેચ રોકાઇ અને તેના ખેલાડીઓ એક્પછી એક મેદાન છોડી રહ્યા હતા. બન્યું એવું કે ચાર્લ્ટન ક્લબનો ગોલ કિપર સેમ બાર્ટરામ આ નિર્ણયથી અજાણ હતો. તે રમત બંધ થયાના પંદર મિનિટ સુધી તેના ગોલસ્પોટ પર ઉભો રહીને ગોલની રક્ષા કરતો રહ્યો. ભીડને કારણે તેને રેફરીની સીટી સાંભળી નહોતી. તે પોતાના બન્ને હાથ પહોળા કરી અને એક સ્થિર નજરે મેદાન તરફ જોઇ રહ્યો હતો. સામે ધૂમ્મસ હતું એટલે તેને કાંઇ દેખાતું નહોતું અને ધૂમ્મસને કારણે તે ભૂલ ન કરી બેસે તે માટે વધુ સાવધાન હતો.

પંદર મિનિટ પછી જ્યારે સ્ટેડિયમની પોલીસ તેમની પાસે આવી અને તેને મેચ બંધ રહી છે તેવી માહિતી આપી ત્યારે તેને પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો. તે સમયે તેને ખૂબ જ દુઃખ સાથે કહ્યું, 'ઓહ....!! કેટલું દુઃખદ છે કે હું જેમના માટે તેમના ગોલસ્પોટની રક્ષા કરી રહ્યો છું તે મિત્રો જ મને ભૂલી ગયા. હું એમ ધારતો હતો કે મારી ટીમ આજે આક્રમક છે અને તેઓ વિરોધીઓને મારી સુધી પહોંચવામાં તેમને નિષ્ફળ બનાવી રહ્યા છે.' અને છેલ્લે બાર્ટરામ એકલાએ મેદાન છોડ્યું.

જીવનમાં પણ ઘણીવાર આપણી સાથે આ રીતે જ બનતું હોય છે. પરિસ્થિતિ બદલાય એટલે આપણાં જ સગાં કે આપણાં જ મિત્રો આપણને છોડીને ક્યારે જતા રહે છે તેની જાણ સુધ્ધાં નથી હોતી...!! જેના માટે આપણે દિવસરાત એક કરીને ગુજારી હોય... અનેક અગવડો ભોગવી હોય તે બધુ એક ક્ષણમાં શૂન્ય બની જાય છે. બીજી તરફ, આપણાં જીવનના

લક્ષ્ય સિધ્ધ કરવા માટે આપણને અનેક સુખ સગવડ કે બધી વ્યવસ્થા કરી આપતા હોય તેવા લોકોને ભૂલીને આપણે જિંદગીમાં વ્યસ્ત બની જતા હોઇએ છીએ.

જિંદગીમાં આપણે કોઇનું પીઠબળ હોઇએ છીએ અથવા આપણને મળેલા ઘણાં પીઠબળને કારણે આપણે જિંદગીના અનેક લક્ષ્યો હાંસલ કરેલા હોય છે. આ પીઠબળ આપનારા ફૂટબોલના મેદાનના ગોલ કિપર જેવા હોય છે. આપણે જિંદગીના રણમેદાનમાં સતત રમતા હોઇએ છીએ અને તે પાછળ રહીને આપણાં પ્રતિસ્પર્ધીઓના ગોલને બચાવતા હોય છે. આપણી જિંદગીના આવતી અનેક મુશ્કેલીઓને તેઓ સહન કરીને તેઓ આપણને મુક્તપણે જીવવા મોટા આકાશને ખોળે મુકી દેતા હોય છે. આપણે જીતનો જશ્ન મનાવતા હોઇએ છીએ ત્યારે તો છેક દૂર હોય છે અને આપણી હારમાં દોષનો ટોપલો એ પીઠબળ આપનારના શીરે જ નાખી દેતા હોઇએ છીએ. પરિસ્થિતિ સારી કે ખરાબ સર્જાતા મુક્ત કે સ્વતંત્ર બનેલા આપણે એ પીઠબળને ભૂલી જ જઇએ છીએ અથવા એ લોકો કોણ હતા તેની તરફ સહેજેય ધ્યાન પણ આપતા નથી.

એવી જ એક બીજી સત્યઘટના છે કે,

ચાર્લ્સ પ્લમ્બ નેવી ઓફીસર જેમને યુધ્ધ સમયે ૭૫ વખત સફળ પેરાશુટથી ઉડાન ભરીને લડતા રહ્યા, પણ એકવાર દુશ્મનના હાથમાં પકડાય છે. છ વર્ષ જેટલી દુશ્મનની જેલમાં યાતના ભોગવી પછી સ્વદેશ આવે છે. દેશમાં તેમની શૂરવીરતા માટે ખૂબ જ માન સન્માન મળે છે. એક દિવસ તે એક રેસ્ટોરન્ટમાં બેઠા હોય છે ત્યારે એક વ્યક્તિ આવીને પૂછે છે, ' તમે ચાલ્ર્સ પ્લમ્બ છો ? તમે કિટ્ટીહોકથી યુધ્ધ જહાજ ચલાવતા હતા ? અને ત્યારે તમને ગોળી મારવામાં આવી હતી ?

ચાર્લ્સને લાગ્યું કે તે બધુ સાચુ જાણે છે એટલે પૂછ્યું, 'તમે એ કેવી રીતે જાણો છો ?'

પેલા માણસે એકદમ નમ્રતાથી કહ્યું કે, 'હું એટલે જાણું છું કેમકે હું જ તમારો પેરાશૂટ બરાબર રીતે પેક કરતો હતો. મને લાગે છે કે મારાથી તૈયાર કરેલા પેરાશુટે બરાબર રીતે કામ કર્યુ હતું...!!!'

ચાર્લ્સ આ સાંભળી ચૂપ બની ગયો. તે રાત્રે તેને ઊંઘ ન આવી અને વિચારતો રહ્યો કે, 'જે વ્યક્તિ મારા માટે ખૂબ જ મહત્વનું કામ કરી રહ્યો હતો તેને હું કેમ ઓળખતો પણ નહોતો ? જે માણસની કાબેલિયનેને લીધે મારુ જીવન બચ્યું હતું અને મેં તેના પર ક્યારેય ધ્યાન પણ નહોતું આપ્યું... અરે, આજે તેને હું ઓળખી પણ ન શક્યો ?'

'ઠવજ્ઞ ઙ્ગભસત્ ૂજ્ઞીઙ્કફિભવીયિં?' નામે તેમને ખૂબ જ પ્રેરણાદાયી વ્યક્તવ્યો આપ્યા અને જિંદગીની એક મહત્વની બાબત સૌની શીખવી.

આ બન્ને સત્ય હકીકત આપણને જિંદગીના મહત્વના પાસાને શીખવી જાય છે. આપણાં માટે કોઇ મુશ્કેલીઓનો સામનો કરતા કે આપણા માટે સુખ અને સગવડનું કાયમ સરખી રીતે પેકિંગ કરતા આપણા માતા પિતા, આપણાં કોઇ સ્નેહીજન કે કોઇ મિત્ર કે ઓફિસનો નાનો કર્મચારીને આપણે શું યાદ કરીએ છીએ ? પરિસ્થિતિ બદલાય એટલે તું કોણ અને હું કોણ ? જેવા અસંખ્ય ઉદાહરણો આપણે સમાજમાં જોયા છે અને અનુભવ્યા છે.

આપણા માતા પિતાએ ગોલકિપર બનીને અને પીઠબળ બનીને આખી જિંદગી આપણને અનેક પ્રતિકૂળ વાતાવરણથી બચાવ્યા છે અને આપણને સુખસાહ્યબી મળી જતા એમને ભૂલીને આપણે દૂર થઇ જઇએ છીએ. આ રીતે અનેક સંબંધોમાં આપણે ભૂલ કરતા હોઇએ છીએ. કપરા સંજોગોમાં આપણું પીઠબળ બનનારને આપણો સારો સમય આવતા ભૂલી જઇએ છીએ. શિક્ષક, મિત્ર કે કોઇ અજાણ્યો વ્યક્તિ કે જેને આપણી જિંદગીને સુખરૂપ ઉડાડવા પેરાશુટ પેક કરી આપ્યા છે તેમના ઋણને કાયમ યાદ રાખીને જરૂર પડે ત્યારે તેમના સંગાથી પણ બનવું જોઇએ.

જિંદગીમાં આ અનેક લોકો પ્રત્યે સમયાંતરે પ્રેમભાવ, સ્નેહભાવ અને સંવેદના વ્યક્ત કરી તેની લાગણીઓને માન આપવું જોઇએ. સમય બદલાય ત્યારે આ હૂંફાળા સંબંધો જ જિંદગીમાં કામ આવતા હોય છે. ઓફીસમાં કે રસ્તે કામ કરતા સફાઇ કામદાર પણ આપણને મુશ્કેલીઓ ન આવે તે માટે તેમનું કામ કરતા હોય છે, જેની તરફ આપણે ક્યારેય નજર સુધ્ધાં નાખતા નથી. કોઈકે નાંખેલા કાંટાને કોઇક સાફ કરીને આપણને સુંવાળો અને સમથળ માર્ગ બનાવી આપતા હોય છે.

આપણી જિંદગીમાં અનેક લોકો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અનેક રીતે મદદકર્તા કે વ્યવસ્થા ગોઠવાનારા હોય છે. પ્રત્યક્ષ મળેલા લોકોને તો કમસે કમ આપણે ન જ ભૂલવા જોઇએ. આપણાં માતા-પિતાએ કરેલા સંઘર્ષો, આપણાં મિત્રએ આપણી માટે કરેલા કેટલાય કામો કે આપણા સહકર્મચારીએ આપણી સુધારી લીધેલી ભૂલો બધું જ આપણે પ્રત્યક્ષ રીતે જોયું જ છે ને ...?? આપણી જિંદગીના ગોલ કિપર હોય કે આપણાં સંકટ સમયે સાથ આપનારા પેરાશુટને પેક કરનારાને આપણે યાદ કરીને તેની જિંદગીના કપરા સમયે તેમના મદદકર્તા પણ બની જવું જોઈએ.

આપણે જિંદગીની સુંદર બનાવવામાં આપણી મહેનત નહી પણ અનેક લોકોનો પુરુષાર્થ પણ ભળ્યો હોય છે. તેમના ઋણને સતત સ્મરણ કરી આપણે કૃતઘ્નભાવે જિંદગીને અને તેવા લોકોને થેંક્યુ કહેતા રહેવું જોઇએ.

# પાંખો (લઘુકથા)

કેશવ સુથાર

દિવસે દસેક વાગ્યાના સમયે મોહનભાઈના ઘરના દરવાજાની ડોરબેલ વાગી. ઘરનાંને એમ કે કોઈક ફેરિયો હશે. મોહનભાઈનાં પત્ની માયાબેને દરવાજો ખોલ્યો અને જુવે તો દીકરી વનિતાના સસરા રામભાઈ અને બીજા મહેમાનો! વેવાઈને જોઈ માયાબેન ખૂબ ખુશ થયાં અને બોલ્યાં:

''આજે સૂરજ કઈ દિશામાં ઊગ્યો કે, તમારાં પગલાં અમારા ઘરે..!''

વેવાઈએ પ્રસન્ન મુખે કહ્યું:

''બસ, આમ જ. તમને સૌને મળવા.''

વનિતા તેના સસરાને જોતાં જ શરમાઈને રસોડામાં દોડી ગઈ. મોહનભાઈ, માયાબેન અને સૌ પરિવારજનોએ મહેમાનોની સારી આગતાસ્વાગતા કરી. સુખશાંતિના સમાચાર પૂછ્યા. ચા પીધી. જમવાનું તૈયાર કર્યું. સૌ સાથે મળીને જમ્યાં. પછી બધાં ભેગાં મળીને ધંધાની-ઘર-પરિવારની વાતો કરી.



પછી રામભાઈએ કહ્યું:

''અખાત્રીજ નજીક આવે છે એટલે વિચાર્યું કે છોકરાંનાં લગ્ન વિશે પૂછતો આવું....''

મોહનભાઈ બોલ્યા:

''મોટાં છોરું ઘરે ભલાં... મહારાજને(જ્યોતિષ) બોલાવી મૂરત છે કે નહીં એ જાણી લઈએ; સારું મૂરત આવે છે કે કેમ? જો શુભ મૂરત હોય તો લગ્ન કરવાં છે..''

માયાબેને પણ મોહનભાઈની વાતને સમર્થન આપ્યું.

મોહનભાઈએ મહારાજને ફોન કર્યો અને પોતાના ઘરે આવવાનું કહ્યું. મોહનભાઈ અને માયાબેનના હૈયે હરખ છે અને દીકરીની વસમી વિદાયનું દુઃખ પણ! રસોડામાં બેઠી વનિતા પોતાના લગ્નની વાત સાંભળીને મા-બાપને છોડવાનું દુઃખ અનુભવે છે, ચહેરો જાણે ઉદાસી બયાં કરે છે! કારણ કે હવે તે મોટી છે, સમજણી છે એટલે બધું સમજી શકે છે. માતા-પિતાનું ઘર છોડવું અને નવા ઘરમાં- નવા વાતાવરણમાં દૂધમાં સાકર ભળે એમ ભળવું- આ કાર્ય તો એક દીકરી જ કરી શકે! દીકરી તો પારકી થાપણ છે, વિદાય લેવા માટે જ જન્મી છે જાણે! વનિતાની આંખોમાં ઝળહળીયાં છે અને અંતરમાં આનંદ પણ!

થોડો સમય થયો ને મહારાજ આવ્યા. મહારાજની આગતાસ્વાગતા કરવામાં આવી. પછી મોહનભાઈએ મહારાજને કહ્યું:

''મહારાજ, વનિતાના લગ્નનું મૂરત જોજો, આવે છે કે નહીં? સવા રૂપિયો મૂરત હોવું જોઈએ...!''

મહારાજે કહ્યું:

''કન્યા અને મુરતિયાનું નામ શું છે?''

મોહનભાઈ બોલ્યા:

''વનિતા અને સાગર...''

મહારાજે ટીપણું ખોલ્યું અને શુભ મૂરત જોવાનું શરૂ કર્યું. વર-કન્યાના નામ મુજબ શુભ મૂરત અખાત્રીજના દિવસે જ આવે છે. એવું મહારાજે જણાવ્યું. બધાંએ આ મૂરત સ્વીકાર્ય રાખ્યું. ગોળ-ધાણા વહેંચવામાં આવ્યા. મોહનભાઈ અને રામભાઈએ મહારાજને ભેટ સ્વરૂપે પૈસા આપી રાજી કર્યા. પછી વેવાઈએ ચા પી'ને ઘરે જવા વિદાય લીધી. લગ્નને માંડ એક મહિનો બાકી રહ્યો છે.

વનિતાના પરિવારજનોમાં દીકરીનાં લગ્નનો ઉત્સાહ છે, હરખ છે. તો દીકરીને વિદાય આપવાનું દુઃખ પણ ખરું. લગ્નની તૈયારીઓ શરૂ કરવામાં આવી. બધાંના ચહેરા પર ખુશી સાફ દેખાય છે, પરંતુ વનિતાના ચહેરા પર ઉદાસી છલકાય છે. મા-બાપને છોડીને જવાનું દુઃખ અનુભવે છે. લગ્નના દિવસો જેમજેમ નજીક આવતા જાય છે તેમ તેમ પરિવારમાં ઉત્સાહનો માહોલ વધતો જાય છે.

અખાત્રીજનો દિવસ આવ્યો. લગ્નનું મૂરત દિવસનું છે

એટલે વહેલી સવારે જાન આવી. જાનનું ખૂબ સારી રીતે સ્વાગત કરવામાં આવ્યું. લગ્ન લેવામાં આવ્યાં. બધા રીત-રિવાજો પૂરા કર્યા. સાંજે જાનને વિદાય આપવાનો સમય આવ્યો.

વનિતાના મા-બાપનું દીકરીને વિદાય આપવાનું દુઃખ આંખોમાંથી છલકે છે. તેઓ મનમાં વિચારે છેઃ

''હજી જાણે ગઈકાલે જ જન્મી હતી અને જોતજોતામાં ક્યારે મોટી થઈ ગઈ એ ખબર જ ન પડી...!! એટલી મોટી થઈ ગઈ કે વિદાય આપવાનો સમય આવી ગયો...?!''

મા-બાપના કાળજાનો કટકો, આંગણાની કિલકારીઓ, ઘરની શોભા, તુલસીનો ક્યારો, બાપ થાકીપાકીને કામ પરથી ઘરે આવે ત્યારે ''ચા બનાવું પાપા?'' એવું કહેનારી જાણે મમતાની મૂરત એ દીકરી આજે વિદાય લેવાની છે! - આ વિચારો તેઓનાં હૈયાંને હચમચાવી મૂકે છે. દીકરી તો પરાયું ધન છે; તેને સાચવી શકાય, પણ ઘરે ન રખાય..!

એકબાજુ જાનૈયાઓના હરખનો પાર નથી અને બીજી બાજુ વનિતાના પરિવારજનોમાં દીકરીને વિદાય આપવાનું દર્દ! વનિતા વિદાય લેતી વખતે મા, ભાઈ-બહેન, કુટુંબીજનો સૌને મળે છે. છેલ્લે તેના પિતા મોહનભાઈને મળવા જાય છે...બાપને બાથ ઘાલીને ખૂબ રડે છે; ક્યારેય આંખમાં ઝળહળીયાં પણ ન આવ્યાં હોય એ મર્દ બાપ દિકરીના વિદાય ટાણે ખૂબ રડે છે...! કારણ કે, દીકરી તો બાપનું હેત છે, આબરૂ છે, બાપનું નામ રોશન કરનારી છે. નિઃસ્વાર્થ પ્રેમનું જીવતુંજાગતું સબૂત છે. આખા પરિવારની આંખો આંસુઓથી છલકે છે; જાણે ઘરનું નળિયે-નળિયું, આંગણું-ફળિયું બધાં જ રડતાં હોય એમ લાગે છે! દીકરી વિદાયને જોવા આવેલાં ગામલોકો, પડોશીઓ બધાંની આંખો ભીની થઈ છે! એક સમજણી સ્ત્રી સૌને આશ્વાસન આપે છે અને મોહનભાઈના ખભા પર હાથ રાખીને કહે છેઃ

''મોહનભાઈ, દીકરી તો પરદેશી પંખી છે; એને 'પાંખો' આવે એટલે ઊડી જાય....!!''

# રાઠોડ મશીન ટુલ્સનો ૪૪માં વર્ષમાં મંગલ પ્રવેશ



TIRUPATI
SINCE 1978

રાજકોટમાં છેલ્લા ૪૩ વર્ષથી મવડી પ્લોટ શેરી નં.૨માં ફુડ પ્રોસેસીંગ મશીનરીઅને સર્કલ કટીંગ મશીનનું ઉત્પાદન કરે છે. સોપારી કટીંગ ચીપ્સ, ટુકડા, મશીન સૌપ્રથમ પ્રણેતા અશોકભાઇ રાઠોડ સર્કલ કટીંગ મશીન, સોલાર, ડ્રમ, ઘડીયાલના ડાયલના રાઉન્ડ સર્કલ કટીંગ મશીન છેલ્લા ૪૫ વર્ષથી બનાવે છે. હેન્ડમોડલ મોટરાઇઝડ મોટલ, ફુડ પ્રોસેસીંગ મશીનરી રાજકોટમાં પ્રથમ શરૂઆત કરેલ જમાં બેટટા વેફર્સ મશીન, છાલ ઉતારવાનું મશીન, ડ્રાયર મશીન, કેળા વેફર્સ મશીનરી, બદામ પીસ્તા ચીપ્સ ટુકડા મશીન, ટોપરા ચીપ્સ મશીન, ગોળ ભાંગવાના મશીન, શીંગ ટુકડા, કેરીના રસનું મશીન જેવા અલગ અલગ ૪૦ જાતની મશીનરી બનાવે છે રાઠોડ મશીન ટુલ્સ આઇ.એસ.ઓ.૯૦૦૧ : ૨૦૦૮ સર્ટીફીકેટ ધરાવે છે કંપની ને કવોલોટી માર્ક એવોર્ડ વર્ષ ૨૦૧૬માં મેળવેલ છે. તિરૂપતિ બ્રાન્ડ દેશ વિદેશમાં પ્રચલીત છે ગ્રાહકનો સંતોષ અને સર્વીસ ઉપર પુરતુ ધ્યાન આપે છે તેમજ કંપની ગોલ્ડન જયુબીલી તરફ આગળ વધી રહી છે.


## વિશ્વકર્મા વિશ્વ
### લવાજમ ભરવા માટે...

**મોરબી**

**રાજુભાઇ કશ્રેચા :** C/o. રાજુ વીડિયો, રુદ્ર પ્લાઝા કોમ્પ્લેક્ષ, શોપ નં. ૧૭, પહેલા માળે, શનાળા રોડ, મોરબી. મો. ૯૮૭૯૦૧૫૬૬૮

**અમદાવાદ**

**જયમીન ગજ્જર** - મો. ૯૬૬૨૦ ૮૯૪૫૧

**રાજકોટ**

**રમેશભાઇ વાઘસણા** - મો. ૯૮૨૪૮ ૭૪૫૩૨

**મુંબઇ**

**પ્રવીણ બોરાણીયા** - મો. ૯૮૨૦૯ ૫૩૦૧૦

**જામનગર**

**હીનાબેન અઘેડા** - મો. ૭૪૦૫૬૫૧૭૦૮

**બરોડા**

**બિપીનભાઇ ધ્રાંગધરિયા** - મો. ૯૮૯૮૪ ૫૯૪૯૨
**ચેતનભાઇ સુથાર** - મો. ૯૫૭૪૩ ૮૪૫૯૩

**કચ્છ-ભુજ**

**ઉમેશભાઇ ગજ્જર(બ્યુરો ચીફ)** - મો. ૯૧૦૪૬ ૩૩૯૮૭

**ઓનલાઇન લવાજમ ભરવા માટે...**
Visit : www.vishwakarmavishwa.com

# પરીક્ષા અને આત્મવિશ્વાસ


પ્રફુલ્લ ઘોરેચા

પરીક્ષાઓ તો દરેકને આપવી જ પડે ચાહે સ્કુલમાં ભણતા હોઈએ કે નોકરી ગોતતા હોઈએ.

આપણે સ્કુલમાં દાખલ થાય કે પહેલા જ ધોરણથી જ્યાં સુધી ભણીએ સ્નાતક કે અનુસ્નાતક સુધી, દર વર્ષે પરીક્ષા તો આપવાની જ રહે અને પાસીંગ માર્ક્સ પણ લાવવાના રહે, જો આગળ વધવું હોય તો. એ પછી સર્વિસ માટે પણ ઇન્ટરવ્યુ આપતા રહેવુ પડે, જે એક જાતની પરીક્ષા જ છે. ટૂંકમા બાલમંદિર દરમ્યાન અને પછી ધંધા નોકરીમાં સ્થાયી થયા બાદ રાહત મળે છે.

હવે આજે પરીક્ષાને લગતા મને જે પણ થોડા ઘણા અનુભવો થયા છે તેને આપણે અહીં મમળાવીએ.

ધોરણ ૧ થી ૧૦ સુધી તો પરીક્ષાઓ રમત રમતમાં આપી દઈએ છે પણ કસોટી શરૂ થાય છે ધો. ૧૧ થી. અમારા સમયમાં ગ્રેજ્યુએશન માટે ૧૦+૨+૩ વર્ષ નહોતા પરંતુ ૧૧એ મેટ્રિક પછી ૪ વર્ષ કોલેજ. પ્રિ, પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષ. આ સામાન્ય સ્નાતક માટેની વાત છે એન્જીનીયરીંગ વિ. માટે અલગ. મે મેટ્રિક એટલે કે ૧૧ની એક્ઝામ આપી ૧૯૬૪મા. પછી રીઝલ્ટ આવતું લગભગ ૧ થી દોઢ મહિને. એ દરમ્યાન અને ખાસ કરીને રીઝલ્ટ પહેલાના ૩/૪ દિવસના ગાળામાં મિત્રો મળતાં અને એક બીજાને ગભરાતા પૂછતાં કે ‘શું થશે ? પાસ તો થઇ જશુ ને ? કેટલા ટકા આવશે ?’ મને નિશ્ચિંત જોઈ કહેતા ‘એલા તને રીઝલ્ટની બીક નથી લાગતી ?’ હું શાંતિથી કહેતો કે ભલા માણસ, એક્ઝામ તો તમે જ દીધી છે ને ? તમે શું ઉકાળ્યું એ તો તમને ખબર જ હોય ને ? પછી શું બીવાનું !’ અને ખરેખર એ જમાનામાં મેટ્રિકનો હાઉ જબરો રહેતો. અને મારું પરિણામ આવ્યુ ૬૪ %, જે એવરેજ ગણાતું. ટુંકમાં હું કોઈ બ્રીલીએન્ટ સ્ટુડન્ટ નહોતો, એવરેજ કહી શકાય. ૬૦ થી ૭૪ % નો વિદ્યાર્થી ગણાઉ. પણ બધું કામ આત્મવિશ્વાસના રણકા સાથે કરતો. અને તો જ તમે તમારા કામમાં સફળ થશો. આ રીતે જો તમારો આત્મવિશ્વાસ બુલંદ હશે તો તમે દરેક કાર્યમાં ફતેહ મેળવી શકશો, તમને કોઈ કામ અઘરું નહિ લાગે.



કોન્ફીડન્સ એટલે કે આત્મવિશ્વાસ પરીક્ષાઓ વખતે બહુ જ જરૂરી છે. મારો તમને એક દાખલો આપું. હું એસ વાય અને ટી વાય બી એસ સી માં અમદાવાદ રામજી હીરજી છાત્રાલયમાં રહી અભ્યાસ કરતો હતો. હાં ટી વાયની બીજે દિવસે ફાયનલ એક્ઝામ. અને અમે થોડાક મિત્રો પતે રમતા હતા. ત્યાં બીજી રૂમનો એક સ્ટુડન્ટ આવ્યો અને બોલી ઉઠ્યો ‘અરે તારે તો કાલે એક્ઝામ છે ને !’ મે કહ્યું ‘હાં, તો ?’ ‘ અરે ભાઇ વાંચવું નથી ?’ કહ્યું ‘અત્યાર સુધી વાંચ્યું જ છે ને ! થોડુ રીલેક્સ તો થવું ને ?’ તો વળી કહે ‘કંઈ રિવિઝન ?’ એટલે કે છેલ્લે છેલ્લે ઉપર છલ્લી નજર. મે કહ્યું કે ‘ભાઇ એ પણ સવારે થઇ જશે. એક્ઝામ તો બપોરે છે. અને ન થાય તો પણ કંઈ ચિંતા જેવું નથી.’ એ તો હેબતાઇ ગયો અને અમે અમારી રમત ચાલુ રાખી.

અલબત્ત બીજી સવારે નિરાંતે ખાસ ખાસ મુદ્દા ઉપર નજર નાખી ગયો અને આરામથી એક પણ પુસ્તક લીધા વગર કોલેજે પરીક્ષા આપવા ગયો. ગીતા મંદિરથી ભવન્સ કોલેજ પહોંચતા બસમાં લગભગ પોણી કલાક થતી. બસની સફર પણ માણી અને એક્ઝામ પણ આપી. રીઝલ્ટ ? ૭૪ %. પર્સંટાઈલ તો એ જમાનામાં ગણાતું નહિ અને મને આજ સુધી મને એ ગણતા પણ નથી આવડતું.

હવે એ પણ જણાવી દઉં કે એવા વિદ્યાર્થીઓ પણ અમારા વખતમાં હતા, કદાચ આજે પણ હશે, કે આવડતું બધુ જ હોય, વાંચન પણ પૂરેપુરું હોય અને એમને એ ખબર પણ હોય, પણ એક્ઝામની છેલ્લી ઘડી સુધી પુસ્તક મુકતા નહોતા. અરે તમે એમને જઈ કહો કે હમણા ખબર મળી છે કે ફલાણો પ્રશ્ન આવવાનો છે તો તેઓ ફટાફટ પુસ્તક કે ગાઈડના પાના ફેરવવા લાગતા અને એ પ્રશ્નનો જવાબ ગોતીને બહાવરા

બની કાંડા ઘડિયાળમાં નજર નાખતા વાંચવા મંડી પડતા, અને અમે મનમાં હસી તેમનાં રઘવાટનો આનંદ લૂટતા. આ બતાવે છે આત્મવિશ્વાસનો અભાવ ! અરે આખુ વર્ષ તમે મહેનત કરી બધી તૈયારી કરી છે, તો પછી છેલ્લે છેલ્લે આ રીતે રઘવાયા થવાની શું જરૂર ? આ જ બાબત નોકરી ધંધામાં પણ એટલી જ લાગુ પડે છે.

તો મિત્રો તમો પણ જે કામ કરો જે અભ્યાસ કરો તે આત્મવિશ્વાસથી જ કરો જેથી આપણને કોઈ ડગાવી ના શકે. ઓ કે ?

હવે એક લાપરવાહીનો દાખલો પણ આપું. કોલેજમા એક વિષય ‘જનરલ નોલેજ’ ભણાવવામાં આવતો. ભણાવવામાં તો શુ આવતો ફક્ત પરીક્ષાઓ લેવાતી. અમારા પ્રોફેસરો કહેતા કે આ વિષયમાં કોઈને ફેલ કરવામાં આવતા નથી, આન્સર પેપરમાં કઈક લખેલું હોવું જોઈએ. જાઓ પાસ. મને આજે પણ એક વાક્ય જે મે લખ્યુ હતુ તે બરાબર યાદ છે. ‘ફલાણી વનસ્પતિ ક્યાં ઉગે છે’ ના જવાબમા લખ્યું કે ‘હરાયા’ ઢોરની જેમ ગમે ત્યાં ઉગી નીકળે છે. તેના પર કોઈનો કંટ્રોલ નથી વિ. વિ. જે જવાબનો પ્રશ્ન સાથે કોઈ જ લેવા દેવી નહોતી, પણ જવાબ લખ્યો હતો ને ! રીઝલ્ટ ? અરે આરામથી પાસ થઇ ગયો. જેમ લાંબુ લખો તેમ વધારે માર્ક્સ. ભગવાન જાણે શા માટે એવા વિષયને રાખ્યો હશે ?

એસ વાય મા આ જ જનરલ નોલેજની પરીક્ષા છેલ્લે દિવસે હતી. અને ત્યારે ટ્રેન્ડ એવો હતો કે હોસ્ટેલમાં રહી ભણતા વિદ્યાર્થીઓ છેલ્લી પરીક્ષા પતે કે બે અઢી કલાકમાં વતનની બસ પકડી લેતા ! વતન આવવાની તીવ્ર ઈચ્છા, માતા પિતા તેમ જ મિત્રોને મળવાની જબરદસ્ત ઉત્કંઠા અમને એક પણ દિવસ ત્યાં વધારે રોકાવાની મંજૂરી નહોતી આપતી.

હવે મારે બધી જ પરીક્ષાઓ પતી જાય પછી ‘સામાન્ય જ્ઞાન’ જેવા ફાલતું વિષય માટે ૨૪ કલાક વધારે અમદાવાદ રોકાવું પડે એ મને જે દિવસથી એક્ઝામનું ટાઈમ ટેબલ આવ્યુ તે દિવસથી જ કઠવા લાગ્યુ હતુ. ગૂંચવાયા કરતો હતો કે એક્ઝામ દેવી જરૂરી હતી પાસ થવા માટે. છેવટે એક ઉપાય મંડ્યો મગજમાં ઝબકારા લેવા. એ એક્ઝામ દેવા હોસ્ટેલમાંથી કોઈને તૈયાર કરવો. લાખ દુ:ખોકી એક દવા યાને કી સંકટ સમયની સાંકળ યાને કી પરમ મિત્ર શંકર સુથાર !

પ્રસ્તાવ મુક્યો શંકર સામે. એ તો એકદમ ગભરાઈ ગયો કે ભઇ હું તારે બદલે એક્ઝામ દેવા નહિ જઉ, પકડાઈ ગયા તો ? અને મને એ વિષયમા કંઈ આવડતુ પણ નથી. મે કહ્યું કે ભાઇ હું ક્યાં કહું છુ કે તારે પૂછેલા પ્રશ્નનના જ જવાબ આપવાના છે, પ્રશ્ન ગમે તે હોય, જવાબમા તારે જે કંઈ પણ લખવું હોય તે લખજે ને. બસ કંઈક લખીને આવજે, ગુજરાતી ભાષામાં. થોડી આનાકાની સાથે માંડ માંડ તૈયાર તો થયો ત્યાં સુરેશ વડગામા, મારો બીજા રૂમ પાર્ટનરે ઝુકાવ્યું. એલા શંકરીયા મરી જઈશ, પકડાઈ જઈશ તો માર્યો જઈશ, પોલીસને હવાલે કરી દેશે વિ. વિ. શંકર પાછો પાણીમાં બેસી ગયો. હવે તો મારી મતી પણ મૂંઝાઈ ગઇ, થયુ કે માંડ માંડ આ ભોળિયા દેવ તૈયાર થયા હતા ત્યાં આ સુરીયો વચ્ચે ક્યાંથી ટપકી પડ્યો ? મન ઘરે જવા એકદમ આતુર, એમાં આવી બ્રેક લાગે તે કેમ ચાલે ?

ફરી હિંમત આપી શંકરને, કે ભઇ કંઈ થયુ તો જવાબદારી મારી. ખુબ જ હિંમત આપીને ફરી તૈયાર તો કરી દીધો. હવે આ જવાબદારી એટલે શુ એ ના તો મને ખબર હતી કે ના શંકરને ! પણ કામ પતી ગયું એટલે કે ભોળિયા દેવ રીઝી ગયા એવું લાગ્યું. હું તો પછી બહુ વધુ  વિચાર્યા વગર આગલા દિવસની પરીક્ષા આપી શંકરને જેમતેમ સમજાવીને, બિસ્તરા પોટલા જે તૈયાર રાખ્યા હતા, લઈને ઉપડી ગયો બસ સ્ટેશને, સાવ બિન્દાસ કે એવો વિચાર પણ ના આવ્યો કે ભાઇ એક્ઝામ દેવા જશે તો ખરો ને ! કાલે ફસકી તો નહિ જાય ને ? બસ નીકળી પડ્યો વતનની રાહે કે વહેલું આવે મોરબી.

શંકર તુ વાંચે છે ને ? યાદ આવે છે ? તે આપેલુ વચન પાળી બતાવ્યુ પણ ખરું, ભલે જે થવાનું હોય તે થાય. મોરબી પહોંચ્યા પછી કોઈ ટેન્શન નહોતુ. ફોન તો હતા જ નહિ, ફરી જયારે મળીએ ત્યારે બધી ખબર પડે, પણ રીઝલ્ટ ? ટનાટન ! ખબર નહિ પણ મને તો કોઈ ટેન્શન હતુ જ નહિ પણ અત્યારે મને મારી એ હિંમત પર ખુબ જ નવાઈ લાગે છે કે મે એ મૂર્ખાઈ કરી હતી કે વધુ પડતી હિંમત કરી હતી ? ખૈર એ બધુ સારુ, જેનો અંત સારો.

અને આવા અનુભવો વાગોળવાની પણ એક મઝા છે, એમાં પણ જયારે પણ શંકરને, જે આજે અમદાવાદનો એક મોટો બિલ્ડર છે અને નિવૃતિને કિનારે ઉભો છે, મળીએ ત્યારે બસ ભૂતકાળમાં ખોવાવાની ભરપુર મજા માણીએ છીએ.

તમારો આવો કોઈ અનુભવ ખરો ? જો હોય તો લોકોને પીરસજો અને મિત્રો સાથે ભુતકાળ વાગોળવાની મજા લૂટજો. આવજો ત્યારે, અત્યારે તો રામેરામ.




# માતા ભૂમિઃ પુત્રોહં પૃથ્વિયાઃ

ડો. પૂર્ણિમા ભાડેશિયા

વિશ્વમાં આજે આશરે ૨૦૦થી પણ વધારે દેશ છે જેમાં પોતાના દેશને 'માતા' કહેતા હોય તેનો એક માત્ર દેશ એટલે ભારત. અમેરિકા માતા, ફ્રાન્સ માતા, પાકિસ્તાન માતા બોલશુ તો કેવું અજુગતું લાગશે ? ભારત માતા બોલીએ તો કેવુ રૂડુ લાગે છે. તેનું એક કારણ છે કે વિશ્વમાં આપણા સિવાયના બધા જ દેશ પોતાના દેશને નિર્જીવ જમીનનો ટુકડો માને છે અને આપણા માટે જીવંત માતા છે.




વેદમા પણ ઉલ્લેખ છે કે 'માતા ભૂમિઃ પુત્રો અહં પૃથિવ્યાઃ એટલે કે ભૂમિ આપણા માતા છે અને આપણે તેના સંતાન છીએ. શ્રી રામ જ્યારે લંકા પર વિજય મેળવીને પાછા ફરતા હતા ત્યારે એમને લક્ષ્મણને કહ્યું :

અપિ સ્વર્ણમયી લંકા નૈ મે લક્ષ્મણરોચતે ।
જનની જન્મભૂશ્ચિ સ્વર્ગા દપિ ગરીયસી ।।

લંકા સોનાની નગરી હોવા છતાં રામ માટે તો પોતાની માતૃભૂમિ સ્વર્ગથી પણ મહાન હતી.

આજથી આશરે ૧૫૦ વર્ષ પહેલા સ્વામી વિવેકાનંદ જ્યારે ભારતના પ્રવાસે નીકળ્યા ત્યારે જોયુ કે લોકો અનેક દેવી-દેવતાઓનું પુજન કરતા તેમનુ એક વાક્ય પ્રસિદ્ધ છે કે આવતા ૫૦ વર્ષ સુધી આપણા ભારતવાસીઓએ બધા જ દેવી-દેવતાઓને બદલે એક ભારતમાતાની આરાધના કરવી જોઇએ.

હિંદુ સંગઠન માટે ડો. કેશવરાવ બલીરામ હેડગેવાર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના કરી મહિલાઓ સંગઠીત થાય.

તે માટે લક્ષ્મીાઇ પુરૂષોતમરાવ કેળકર એ રાષ્ટ્રીય સેવિકા સમિતિની સ્થાપના કરી અને પ્રાર્થનામાં પણ ભારત માતાનો ઉલ્લેખ છે.

નમાનો વયં માતૃભૂઃ પુણ્યમૂસ-ત્વામ
ત્વયા વર્ધિતાઃ સંસ્કૃતાસ-ત્વત્-સુતાઃ
અયે વત્સલે મંગલે હિંદભૂમે
સ્વયં જીવિતાન્યર્વયામસ ત્વધિ ।

એટલે કે હે માતૃભૂમિ પુણ્યભૂમિ વડે પાલનપોષણ કરીને ઉછરેલી અને સંસ્કારિત થયેલી આ કન્યાઓ તમને વંદન કરે છે અને પોતાનું જીવન અર્પણ કરે છે.

આમ તો આપણને જન્મ આપનારી માતા, ધરતી માતા, ગાય માતા, તુલસી માતા, નદી માતા આવી અનેક માતા પ્રત્યે આપણે શ્રદ્ધા બજાવીએ છીએ. જન્મ આપનારી માતા નવ મહિના સુધી ભાર ઉચકે છે જ્યારે આ ભૂમિ માતા જન્મથી મૃત્યુ સુધી આપણો ભાર-ઉચકી આપણું લાલન-પાલન, ભરણપોષણ રક્ષણ કરે છે. માટી, હવા, પાણી, વૃક્ષ, વનસ્પતિ નિઃશુલ્ક આપણને જીવનભર મળે છે.

જ્યારે આપણે ભારતમાતા કહીએ છીએ ત્યારે તેમાં ત્રિવેણી સંગમ છે એટલે કે (૧) નિશ્ચિત જમીન (૨) તેના પર રહેતા લોકો (૩) તેમની સંસ્કૃતિ. આ બધુ મળે ત્યારે ભારત રાષ્ટ્ર બને છે. પ્રાચીન ભારતીય સંસ્કૃતિ આજે પણ વિશ્વમાં શ્રેષ્ઠ છે. જીવો અને જીવવા દો ના સિદ્ધાંત પણ આધારીત છે. આશરે ૫૦૦૦ વર્ષ

પહેલા આપણી હિંદુ સંસ્કૃતિ વિશ્વના ગુરૂસ્થાને હતી. વિશ્વગુરૂ હતી એટલે કે જગતાજે શ્રેષ્ઠ છે તે જગતમાં શ્રેષ્ઠ તે જ હોઇ શકે જે બધાના કલ્યાણ માટે કાર્ય કરે છે.



સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ ।

સર્વે મદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિત દુઃખ ભકિ ભવેત ।। અર્થાત

બધા સુખી થાઓ, નીરોગી થાઓ સર્વોના કલ્યાણ માજ મારું કલ્યાણ એ જ આપણી મૂળ ભાવના રહી છે.

આપણા ઋષિઓએ માનવ-માનવ વચ્ચે રહેલા મતભેદને સમાપ્ત કરવાનો સંદેશો આપે છે.

અયં નિજં પરોવેતિ ગણના લઘુયેતસામ

ઉદાર ચરિતાના તુ વસુધૈવ કુટુંબકમ । અર્થાત

નિમ્ન વિચારવાળા ગણના કરે છે કે આ મારું છે અને આ પારકું છે પણ ઉદાર ચરિત્રના લોકો સંપૂર્ણ વિશ્વને પોતાનું કુટુંબ માને છે.

આપણા દેશમાં પરિવાર ભાવના છે તેવી બીજે ભાગ્યે જ જોવા મળે છે. પરિવાર વ્યવસ્થાનું સુત્ર છે. 'ત્યેન ત્યકેતન ભુંજીતા' એટલે કે ત્યાગીને ભોગ ત્યાગમાં જ આનંદ. આપણી એકાત્મની ભાવનાના કારણે આપણે સમગ્ર બ્રાહમણને આપણું માનીએ છીએ. સ્વદેશો ભુવનત્રયમ

**આપણે ત્યાં જે ઋષિ-મુનિઓ થઇ ગયા છે તે પોતાના કલ્યાણ માટે જ માત્ર જીવતા એવું ન હતું પરંતુ બધા જ ઋષિમુનીઓ શ્રેષ્ઠ વૈજ્ઞાનિક હતા. તેમણે શાસ્ત્રો-ગ્રંથોમાંથી સંશોધન કરી નવી શોધ કરી વિશ્વને ચરણે ભેટ ધરી છે. કપિલમુનિ, કણાદ, શુત્રુત, ચરક, આર્યભટ્ટ ભાસ્કરાચાર્ય ને આજે પણ યાદ કરીએ છીએ**

ભૌતિક દૃષ્ટિએ એવા સમૃદ્ધ હતા કે આ દેશના ગરીબના ગરીબ માતા-પિતાના બાળકો સોના-ચાંદીના રમકડાથી રમતા, ઇંગ્લેન્ડના લોર્ડ મેકોલે પોતાના ભાષણમાં પણ કહ્યું કે ગરીબી, બેરોજગારી, ચોર કે ભિખારી ભારતમાં ન હતા. ખેડુતના ખેતરમાં જેમ ચણાના અને ઘઉંના ઢગલા હોય એવી રીતે ઘરે-ઘરે સોનાના સિકકા ઢગલા પડયા રહેતા. ભારતવાસીઓ પાસે આ સિકકાઓને ગણવાનો પણ સમય ન હતો અને ત્રાજવામાં તોલીને ભાવ કાઢતા.

આધ્યાત્મિક સમૃદ્ધિ એવી કે દેશની નાલંદા અને તક્ષશિલા વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવવા વિશ્વના ખુણે-ખુણાના લોકો પડાપડી કરતા. આ વિદ્યાલયોમાં મોટા સંગ્રહાયેલો હતા જેમાં સાહિત્ય શાસ્ત્રો અને ગ્રંથો એટલા બધા હતા કે જયારે વિદ્યર્મીઓએ આગ લગાવી ત્યારે તેની આગ ઓલવતા ૬ માસ જેટલો સમય લાગ્યો. દરેક ગામડામાં ગુરૂકુળ હતા સંખ્યા લગભગ ૭ લાખ ૩૨ હજાર હતી અને સાક્ષરતા ૯૭ ટકા હતી. આખા દેશમાં આધ્યાત્મિક એકતા હતી.

એકવાર ગુરૂ એરિસ્ટોટલે એના શિલ્પ રાજા સિકંદરને ભારતથી પાછા ફરે ત્યારે બે વસ્તુ સાથે લાવવાનું કહયું (૧) ગીતા (૨) તત્વજ્ઞાની સંત. સંતને શોધી લાવ્યા અને સાથે આવવાનું કહયું ત્યારે એના જવાબ હતા. રહેવા માટે ભારતની પાવનભૂમિ, પહેરવા માટે વસ્ત્રો, એવા માટે પવિત્ર ગંગાજળ અને ખાવા માટે થોડોક લોટ મળી જાય છે એટલું પુરતુ છે અને સૌથી મોટી સંપત્તિ તો આત્મસંતોષ અને આત્મબળ છે. આવા ધનની દૃષ્ટિએ દરિદ્ર એવા તમારા રાજા મને શું આપવાના હતા. આ સાંભળી રાજા સિકંદરનો અહંકાર નષ્ટ થઇ ગયો. આધ્યાત્મિક સંપત્તિથી અત્યંત સમૃદ્ધ એવા દેશને માથુ નમાવીને તે જતા રહયા.

આપણે ત્યાં જે ઋષિ-મુનિઓ થઇ ગયા છે તે પોતાના કલ્યાણ માટે જ માત્ર જીવતા એવું ન હતું પરંતુ બધા જ ઋષિમુનીઓ શ્રેષ્ઠ વૈજ્ઞાનિક હતા. તેમણે શાસ્ત્રો-ગ્રંથોમાંથી સંશોધન કરી નવી શોધ કરી વિશ્વને ચરણે ભેટ ધરી છે. કપિલમુનિ, કણાદ, શુત્રુત, ચરક, આર્યભટ્ટ ભાસ્કરાચાર્ય ને આજે પણ યાદ કરીએ છીએ.

આજે અમેરિકા એ વિશ્વની મહાસત્તા ગણાય છે. મહાસત્તા એટલે મોટા શાસક જે ડંડા પછાડીને બધા પર રાજ કરે છે. બધાને તાબે રાખે છે. મહાસત્તા માત્ર મૌખિક વિકાસમાં જ માનનારી વિચારધારા છે તેને આધ્યાત્મિક સાથે કોઇ લેવાદેવા જ નથી. માત્ર ભોગવાદી જીવનો સંદેશ આપનારી આ મહાસત્તા કરતા વિશ્વગુરૂ શબ્દનો અર્થ અનેક રીતે શ્રેષ્ઠ છે.

ફરી એકવાર વિશ્વગુરુના સ્થાને પહોંચવા માટે સંકલ્પ કરીએ કે જીવનભર ભારતના બંધારણને વફાદાર રહીએ, ભારતીય સંસ્કૃતિનું જતન કરીશું અને ભારત-માતાનું રક્ષણ કરીશું અને એવું કાર્ય કરીશુ કે માતાનો જય જયકાર થાય.

# નરોતમભાઇ વડગામા : બેરીંગ ઉદ્યોગના ભીષ્મપીતા અને મુક સેવાના મહામાનવ

દેશભરના બેરીંગ ઉદ્યોગમાં જેનું આદરપૂર્વક નામ લેવાતું અને બેરીંગ ઉદ્યોગના જેઓ ભીષ્મ પીતામહ ગણાતા અને જુનાગઢ જીલ્લામાં ઓસ્ટીન બેરીંગની સ્થાપના કરી સૌથી મોટું ઔધોગીક એકય સ્થાપનાર જુનાગઢના શ્રી નરોતમભાઇ વડગામાએ તાજેતરમાંજ આપણી સૌની વચ્ચેથી વિદાય લીધી. નરોતમભાઇ વડગામા હવે આપણી વચ્ચે નથી પરંતુ બેરીંગ ઉદ્યોગમાં તેમણે આપેલ પ્રદાન આજીવન રેહશે. એટલુજ નહીં તેઓએ પોતાના નામની પરવા વગર સમાજના શૈક્ષણીક ક્ષેત્રે તેમજ સમાજના અદના આદમીનો આર્થીક, સામાજીક સેવાનું જે પ્રદાન આપ્યું છે. તે અનેરૂ છું. બેરીંગ ઉદ્યોગનમાં આપેલ તેમનું અનેરૂ પ્રશન અને તેમની સમાજલક્ષી સેવાની સુગંધ સદાય મધમધતી રહેશે.



સ્વ.નરોતમભાઇ છગનભાઇ વડગામાની (ઓસ્ટીન એન્જીનીયરીંગ કાં.લી.જુનાગઢ)

### જીવન ઝરમર

શ્રી નરોતમભાઇ છગનભાઇ વડગામાનો જન્મ ૧૯૪૭માં પોરબંદર ખાતે થયેલો. તેઓના દાદા શ્રી વાલજીભાઇ વડગામા રાજ મિસ્ત્રી હતા. લગભગ ૧૯૬૪માં વાલજીભાઇએ રજવાળા પાસેથી અંદાજે ૪૦૦ વાર જમીન ખરીદીને પોરબંદર જ્ઞાતિને આપેલ છે. કાળક્રમે રજવાળા નાબુદ થતા નરોતમભાઇના પિતા શ્રી છગનભાઇ વડગામા પોરબંદમાં સુતારીકામ તથા ચાંદીકામ કરતા હતા.

શ્રી નરોતમભાઇએ સ્કુલ તથા કોલેજનું શિક્ષણ પોરબંદર ખાતે મેળવેલ. તેઓશ્રી એ ગર્વમેન્ટ પોલિટેકનીકમાંથી ડિપ્લોમાં મીકેનીકલ એન્જીનીયરની ડીગ્રી પ્રાપ્ત કરેલ અને સમગ્ર રાજયમાં ૪થો ક્રમાંક મેળવેલ.

કોલેજના અભ્યાસ બાદ શ્રી નરોતમભાઇ અને તેઓના સ્કુલથી સાથે ભણતા મિત્રો પોરબંદર સ્થિત યુનિયન બેરીંગ્સ કાં.માં એન્જીનીયર તરીકે જોડાયા. જેમાં શ્રી નરોતમભાઇએ ચીફ એન્જીનીયર ના પદ સુધી પ્રગતી કરી.

સાથે નોકરી કરતા કરતા શ્રી નરોતમભાઇ અને તેના ચાર બ્રાહ્મણ એન્જીનીયર મિત્રો એ પોતાની ફેકટરી ઉભી કરવાનો નિર્ણય કર્યો. ૧૯૭૩માં આ પાંચેય મિત્રો એ લોન લઇને ભાડાની જગ્યામાં જુનાગઢમાં 'એક્યુરેટ એન્જીનીયરીંગ કાં.' ના નામે ફેકટરી શરૂ કરી. શરૂઆતમાં બધા જ મિત્રો મશીન ઉપર જાતે કામ કરતા, ફેકટરીમાં જ રસોઇ બનાવીને જમતા અને રાત્રે ફેકટરીમાં જ સુઇ રહેતા. સમય જતા થોડા પગભર થતા સૌ મિત્રોએ મકાનો ભાડે રાખીને પોતાના કુટુમ્બીજનોને પોરબંદરથી જુનાગઢ રહેવા બોલાવી લીધા. શરૂઆતના સંઘર્ષના સમયમાં સૌ ના કુટુમ્બીજનોનો ખૂબજ સાથ મળેલ. આજે પણ મોટાભાગના સ્થાપક મિત્રોની ગેરહાજરીમાં પણ સૌ ના પરિવારજનો એક કુટુબ જેવો સંબંધ ધરાવે છે.

શ્રી નરોતમભાઇ અને તેઓના મિત્રોની ટીમે રાત દિવસ ખૂબજ મહેનત કરી અને ખૂબજ ટુંકાગાળામાં બીઝનેશને ઘણીજ ઉંચાઇ પર લઇ ગયા. હવે પ્રોડકશન વધારવા માટે તેઓને જુનાગઢની જગ્યા નાની પડવા લાગી. ૧૯૮૩માં જુનાગઢની બાજુમાં ભેસાણા તાલુકાના 'પાટલા' ગામે વિશાળ જગ્યામાં આ ફેકટરી શીફટ કરી અને અને નામ રાખ્યું ઓસ્ટીન એન્જીનીયરીંગ કાં. પ્રા.લી.૧૯૮૬માં પબ્લીક ઇસ્યુ બહાર પાડીને આ કંપની પબ્લીક લિમીટેડ કંપની બની જેના ચેરમેન બન્યા શ્રી નરોતમભાઇ વડગામા.

પોતાના કામકાજના વર્ષો દરમ્યાન તેઓશ્રીએ દુનિયાના લગભગ બધાજ વિકસિત દેશોની મુલાકાત લઇને એન્જીનીયરીંગ અને બેરિંગ્સ વિષેના ટેકનિકલ જ્ઞાનનો બહોળો અનુભવ મેળવેલ. બેરીંગ્સ વિશેનું તલસ્પર્શી જ્ઞાન તેઓના લોહીમાં વણાય ગયેલું. કોઇપણ નવા બેરીંગ્સ ડેવલપ કરવામાં તેઓનો અમૂલ્ય ફાળો રહેતો. ફેકટરીમાં તેઓએ પ્રોડકશન, ન્યુ ડેવલપમેન્ટ તથા મશીનરી અંગેની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવેલ.

શ્રી નરોતમભાઇ ફેકટરીમાં મોટા ભાગે દરેક વિભાગમાં ફરતા અને સલાહ સુચનો આપતા જોવા મળતા. તેઓ જરૂર પુરતા જ ઓફિસમાં બેસતા. તેઓના ટેકનિકલ જ્ઞાન, નવુ કરવાની ધગશ અને કામ પ્રત્યેની નિષ્ઠા ને લીધે સૌ ને તેઓ પ્રત્યે આદર અને માન હતા.

શ્રી નરોતમભાઇની કંપનીએ ઇન્ડીયન ડિફેન્સ વિભાગ માટે 'ટેન્ક' ના હેવી બેરીંગ્સ પણ ડેવલપ કરીને સપ્લાઇ કરેલા છે. તદ્ઉપરાંત ઇસરો દ્વારા છોડવામાં આવેલ ચંદ્રયાનમાં પણ સ્પેશીયલ પ્રકારના બેરીંગ્સ બનાવી આપેલ છે.

શ્રી નરોતમભાઇ અને તેની ટીમે અન્ય કંપનીઓ પણ સ્થાપેલ છે જેવી કે ક્રિએટીવ કાસ્ટીંગ્સ પ્રા.લી.જે ઇન્વેસ્ટમેન્ટ કાસ્ટીંગ્સ કરે છે તેમજ મેકસ પ્રીસીઝન બેરીંગ્સ પ્રા.લી.જે મોટા સાઇઝના બેરીંગ્સ બનાવે છે.

છેલ્લા થોડા વર્ષોથી તેઓના બધાજ પાર્ટનરો રીટાયર્ડ થઇ ગયા પરંતુ શ્રી નરોતમભાઇ શારિરીક તકલીફ હોવા છતા માર્ચ ૨૦૨૦ના લોકડાઉન પહેલા સુધી નિયમીત ફેકટરીએ જતા અને પોતાની જવાબદારી નિભાવતા. લોકડાઉન બાદ તબિયત થોડી વધુ લથડતા ફેકટરીએ જવાનું બંધ કરેલ પરંતુ ઘેરે બેઠા બેઠા જરૂર પડયે સલાહ સૂચનો અને માર્ગદર્શન આપતા.


શ્રી નરોતમભાઇએ આપબળે શૂન્યમાંથી મોટુ ઇન્ડસ્ટ્રીયલ સામ્રાજ્ય ઉભુ કરેલ પરંતુ તેઓને અભિયાન લેશમાત્ર પણ નહોતું. તેઓ નાનામાં નાના માણસને માનપૂર્વક બોલાતા અને બધાની વાત શાંતિથી સાંભળતા. તેઓ ઓછું બોલતા પરંતુ કોઇપણની ટીકામાં કયારેય રસ ન લેતા. તેઓએ ઘણા પરિવારોને ધંધા અથવા નોકરીમાં ગોઠવી આપેલ છે. તેઓએ જરૂરિયાતમંદોને આર્થીક તેમજ મેડીકલ સહાય પણ કરેલ છે પરંતુ પ્રસિધ્ધિથી હંમેશા દુર રહ્યા છે. તેઓ સમાજમાં દાન આપતા પરંતુ સન્માન સ્વીકારવા કે સ્ટેજ શોભાવવા કયારેય હાજર રહેતા નહી.

ગતા તા.૧૧-૩-૨૦૨૧ શિવરાત્રીના દિવસે બપોરે બ્રેઇન સ્ટ્રોક આવતા અચાનક તેઓનું અવશાન થયેલ છે. આવા શૂન્યમાંથી સર્જન કરનારા, જીવન પર્યંત કર્મયોગી, નિષ્ઠાવાન, મીતભાષી, નિરાભીમાની, પ્રસિધ્ધિથી હંમેશા દૂર રહેનાર, સરળ સ્વભાવી અને સૌ ને મદદગાર થનાર એવા શ્રી નરોતમભાઇ વડગામાની ન પુરી શકાય તેવી ખોટ સમાજને પડેલ છે. પરમકૃપાળુ પરમાત્મા તેઓના આત્માને ચિર શાંતિ અર્પે અને સૌ ને તેઓના જીવનમાંથી પ્રેરણા લેવાની સદ્બુધ્ધિ આપે એવી હૃદયપૂર્વકની પ્રાર્થના.

**સંકલન : કિશોર ત્રીકમજી જાદવાણી**


# વિશ્વકર્માં વિશ્વ

**ઘર બેઠા લવાજમ ભરો,**
**ઘર બેઠા વિશ્વકર્માં વિશ્વ મેળવો.**




Paytm | G Pay

**મો. ૯૦૯૯૯ ૪૯૫૬૬૫ પર**
**Paytm અથવા G Pay કરો**

**અને આજ વોટસએપ નંબર પર આપનું એડ્રેસ મોકલી જાણ કરો...**

**www.vishwakarmavishwa.com પર તેમજ વિશ્વકર્માં વિશ્વની મોબાઈલ એપ ડાઉનલોડ કરીને પણ આપ લવાજમ ભરી શકો છો...**



## સંપાદકની વાત...

બાલમિત્રો મજામાં ? ઠંડો મજાનો શિયાળો વીતી રહ્યો છે. ઋતુ અનુસાર ફળ, શાકભાજી જે ખાવાની ખૂબ મજા આવે છે ને ? સાથે સાથે આ અંકમાં આપેલ સરસ મજાનું બાળસાહિત્ય પણ માણજો. આ અંકથી વડીલો સાથે વાત અલગથી કરવા કરતા સંપાદકની વાતમાં વણી લઇને છીએ.

આપણા સમર્થ બાળસાહિત્યકાર ડો. ઈશ્વર પરમાર લખે છે. પરિવારમાં થતો આપસમાં વ્યવહાર અને તેનાથી રચાતું પારીવારીક વાતાવરણ બાળકના જીવન, ઘડતરમાં ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. એક બાળકને જોઈતા પોષણ, પ્રેમ અને પ્રોત્સાહન પરિવાર આપે છે. બસ આટલું જે પરિવાર કરી શકે તેટલી તેની સાર્થકતા છે. પરિવારનો એક મહત્વનો હેતુ બાળકનો સારી રીતે અને સાચી રીતે ઉછેર કરવાનો છે. જાન્યુઆરી માસમાં પતંગની મજા માણીને ? જોકે કોરોના પરિસ્થિતિને લીધે તહેવારો આપણે સીમિત રીતે ઉજવી શકીએ છીએ. પરંતુ, હાલમાં આપણા માટે એ જ સાવધાની અને સલામતી છે. આવજો

**- સંપાદક : મો. નં. ૯૯૭૯૨ ૩૭૨૫૯**

# ‘‘હોલાનો તરપકડો(બાળવાર્તા)

**- બાલુભાઇ ગોહિલ**

એક હતો હોલો. ત્રણ ગામના ત્રિભેટે એક વાડી. વાડીની વાડચે એક બાવળ. બાવળની ત્રણ ડાળીઓ ભેગી થાય એ ત્રિભેટે (તરપકડો)હોલાનો માળો. માળામાં હોલો, હોલી અને એના ત્રણ બચ્ચાં આનંદથી રહે. વાડીએ અને ખેતરમાં જુવાર, બાજરો, ઘઉં જેવા પાકો થાય. જમીનમાં વેરાયેલા તેના દાણા ચણવા મળે. ધોરિયામાંથી ક્યારા સુધી જતું ચોખ્ખું, આછાં-આછાં તેલ જેવું પાણી પીવાનું અને આકાશમાં ઊંચે ઊંચે ઉડીને દૂર દૂર પ્રદેશમાં વિહરવાનું !

એક દિવસ ગામડાના હોલાભાઇના માળે તેના સંબંધી શહેરના હોલાભાઇ મહેમાન થયા. આપણે ત્યાં મહેમાન આવે ત્યારે આપણે તેની કેટલીબધી મહેમાનગતિ કરીએ છીએ ! સારું સારું ભોજન જમાડીએ, સ્વચ્છ પથારીમાં સુવાડીએ. તેમને કોઈપણ જાતની અગવડ ન પડે તેવી કાળજી લઈએ છીએ. તેવી જ રીતે ગામડાના હોલાભાઇએ શહેરના હોલાભાની મહેમાનગતિ કરી. શહેરના હોલાભાઇને તો ખૂબ મજા પડી. ઘણા દિવસો સુધી રોકાયા. હવે શહેરના હોલાભાઇ પોતાના વતન જવા તૈયાર થયા. આગ્રહ કરીને ગામડાના હોલાભાઇને પોતાના માળે આવવા સાથે લીધા. બંને હોળાઓ રસ્તામાં આવતાં ખેતરોમાં ચણ ચણતા જાય, નદી, તળાવના પાણી પીતા જાય અને શહેર તરફ ઉડતા જાય.

ઊડતા ઊડતા શહેર નજીક આવ્યા. હવે હવામાં ધુમાડાના ગોટેગોટા દેખાયા. બંને હોલાઓની આંખમાં પાણી આવી ગયા. ગામડાના હોલાભાઇ તો મૂંઝાયા. શહેરના હોલાભાઇને પૂછ્યું. ‘‘હોલાભાઇ ! આ ધૂમાડો શેનો છે ? કોઇ વસ્તુ સળગે છે ? ‘‘ પેલા હોલાભાઇ બોલ્યા, ‘‘આ ધૂમાડો કોઇ વસ્તુ સળગવાનો નથી. અમારા શહેરોમાં વાહનો ખૂબ, તેનો આ ધૂમાડો છે.‘‘ઠીક‘‘



કહીને બંને આગળ ઊડયાં. શહેર આવ્યું. શહેરમાં નજર પણ પહોંચે નહીં. તેટલી ઊંચી ઇમારતો આવી. તેના છેલ્લા ઉપલા માળે હોલાભાઇનો નિવાસ હતો. છેલ્લા માળની અગાસીમાં એક બખોલ હતી. તેમાં હોલાભાઇનો માળો હતો. બંને હોલાઓ ત્યાં પહોંચ્યા. ગામડાના હોલાભાઇને મૂંઝવણ થઇ.

બખોલના માળામાં જવું શી રીતે ? તેના માળામાં તો આકાશમાંથી ઉડતાં ઉડતાં સીધા માળામાં ઉતરાય. માળમામાંથી સીધા આકાશમાં ઉડી શકાય. અહીં તો અગાશીમાં ઉતરવું પડે.

પણ ચાલતાં ચાલતાં બખોલમાં જવું પડે. પછી મળો આવે !

જેમ તેમ કરીને માળામાં પહોંચ્યા. હોળીએ સ્વાગત કર્યું. માળામાં સંકડાશનો પાર નહીં ! ગમે તેમ કરીને ત્રણે જણ માળામાં ગોઠવાયાં. ગામડાના હોલાને તો રાતના નીંદર ન આવી. વાહનના અવાજ, આંખો અંજાઇ જાય તેટલો વીજળીનો પ્રકાશ. અંધારું નામ નહીં.

સવાર થયું. ગામડાના હોલાભાઇ કહ્યું, ''હોલાભાઇ ! ચાલોને નીચે જમીન પર જઇએ મને તો ખૂબ ભૂખ અને તરસ લાગી છે.'' શહેરના હોલાભાઇએ તરત જ કહ્યું, ''હોલાભાઇ ! ભૂલથી પણ જમીન પર ન જતા. વાહનો અને માણસો આપણને ક્યારે ચગડીને ચાલ્યાં જાય તેનું નક્કી નહીં ! નીચે ચણવાનું નહીં મળે. પીવાનું પાણી નહીં મળે. ગટરમાં પાણી હોય છે પરંતુ ખૂબ ગંધાતું હોય છે. પીવાલાયક પાણી નથી હોતું– દાણા–પાણી–ચણ માટેતો આપણે દૂર દૂર ગામડાની સીમમાં જવું પડશે''.

ગામડાના હોલાને અહીં બિલકુલ ગમ્યું નહીં. શહેરના હોલાભાઇ અને હોલીએ રોકાઇ જવા ખૂબ આગ્રાહ કર્યો. છતાં પણ ગામડાના હોલાભાઇએ કહ્યું, ''મારે તો અત્યારે જ મારે વતન ઊડી જવું છે. મને તો મારો તરપકડો ખૂબ વહાલો છે.'' આમ કહીને હોલાભાઇ પોતાના વતન, પોતાના તરપકડે જવા ઊડી નીકળ્યા.

**સૌજન્ય : બાલ સેતુ**

## પ્રેરક પ્રસંગ

### દસ ગણો - નાનાભાઇ ભટ્ટ

હું નાનો હતો અને અંગ્રજી ચોપડી ભણતો હતો. ત્યારે અમારે વાંચન માળામાં એક થી દસ ગણો તેવો મથાળાને એક પાઠ હતો. તમને કોઇ વાર રીસ ચડે ત્યારે રીસને ગતિમાં મુકતા પહેલા દસ ગણો. તેવો એ પાઠનો બોધ હતો. આજે આટલા વર્ષો સુધી એ પાઠ પર પાછી નજર નાખું છું. ત્યારે મને દસ ગણોની કિંમત સમજાય છે. મૂંઝવે એવા કોઇ પ્રશ્ન આવે એટલે પ્રશ્નને અડયા પહેલા દસ ગણો અને પછી જ પ્રશ્નને હાથમાં લ્યો. આજના કેટલાય મૂંઝવતા પ્રશ્નો એની મેળે અદ્રશ્ય થઇ જશે.

### જાણવા જેવું :-

આજે આપણે આપણા લીલા શાકભાજી માંથી તુરીયા વિશે માહિતી મેળવીશું. તમારા ઘરમાં તુરીયા, ધીસોડા નું શાક બનતું હશે. તુરીયા સ્વાદમાં તૂરા અને મધુર હોય છે. આ શાક અરુચિ, અપચો, પથરી, તથા કફ–ઉધરસ, હરસ, કબજિયાત, મધુપ્રમેહ અને મેદસ્વિતા વગેરેમાં ઉપયોગી છે. તુરીયાની છાલનો સંભારો બનાવે છે. તુરીયાને ચાખીને શાક બનાવવું જોઇએ કેમકે કેટલીક વખત તુરીયા કડવા નીકળે છે. કડવા તુરીયાનું શાક બનાવાતું નથી. તમે પણ લીલા શાકભાજીને ખાતા રહેજો.

**સૌજન્ય :-સંગત**

### મહાપુરુષ વાણી :-

૧) સફળતા આપણા હાથમાં નથી પણ મહેનત આપણા હાથમાં છે. - **અબ્રાહમ લિંકન**

૨) કોઇને માફ કરી દેવા તે કમજોરી નથી સમર્થ માણસનું કામ છે.- **ચાણક્ય**

3) સારા શબ્દો વાપરીને ખરાબ માણસને દિલથી જીતી શકાય છે. - **ભગવાન બુદ્ધ**

### બાલગીત
# મારો પતંગ

**-નટવર પટેલ**

પીળા પતંગને પવનની પાવડી,
નાવિકના હાથમાં ડોલતી નાવડી.
ટીનુ ના હાથમાં દોરની સેર છે,
પીળા પતંગને સોનેરી કોર છે,
ઝીણું મજાનું મલકતો જાય,
પવનની ધાર પર સરતો જાય.
સૂરજના દેશનો નાનો ટપાલી થઇ,
મારો પતંગ જાય પૃથ્વી સંદેશ લઇ,
નાની બે આંખથી હસતો જાય,
પવનની ધાર પર સરતો જાય.
પરીઓની પાંખ સમ ફર ફર ઊડતો,
ઇન્દ્રપુરીમાં જઇ ધૂમતોને ઝૂમતો,
સૌનાં મનડાં હરતો જાય,
પવનની ધાર પર સરતો જાય.

**સૌજન્ય : એક બિલાડી જાડી (બાલ મૂર્તિ)**



### હસી લઇએ :-

શિક્ષક કહે, ''રાજુ એવું કયું પક્ષી છે, જે પાખો હોવા છતા ઊડી શકતું નથી ? ''

રાજુ કહે, ''મરેલું પક્ષી ''

### એક વિચાર :-

**સૃષ્ટિમાં બાળક અદભુત નિર્દોષ સર્જન છે.**

# બહુ મન થાય છે

(અછાંદસ કવિતા)

સંસારી જવાબદારીઓથી ક્યાં છટકી શકાય છે ?
પોતાના માટે જીવવાનું ઘણીવાર બહુ મન થાય છે
હસતા, ખેલતા નિર્દોષ બાળકોને જોઈ જવાનીની
માથાકુટ છોડી ફરી બાળક બનાવાનું મન થાય છે
બીજાની મુર્ખામી પર સૌ કોઈ હસી સકે છે. પોતાની
મુર્ખામી પર નિખાલસતાથી હસવાનું બહુ મન થાય છે
પ્રકૃતિ ખીલેલા વસંતમાં પ્રસન્નતાથી કળા કરતા મોરને
જંગલમાં જો મન મુકીને નાચવાનું બહુ મન થાય છે
બાગમાં ગુંજન કરતા ભમુરોને ખીલેલા ફુલો પર
જોઈ લીલાઘાસ માં આળોટવાનું બહુ મન થાય છે
દરિયાકિનારે ઉછળતા પગરવની છાપ પાડવાનું મન થાય છે
વરસતા ધોધમાર વરસાદમાં, છત્રીરૂપી આવરણ હટાવી
ભીજાઈને કાગળની હોડી તરતી મુકવાનું મન થાય છે
બીજાને હરાવી વિજય મેળવ્યો એમાં શું કરી મોટાઈ ?
પોતાના ક્રોધ પર વિજય મેળવવાનું બહુ મન થાય છે

-ભાવિન કથયા

# ફરિયાદ

તારે ને મારે વિવાદ ક્યાં છે
ન બોલ તું અપવાદ ક્યા છે.
વીત્યા સંબંધમાં વર્ષોના વર્ષો
પ્રીતભરી વળો હજુ એ યાદ છે.
રોજ રડવું રોજ મનાવવું
તને આપી તે સોગાદ ક્યા યાદ છે.
થઈ જાય ભુલ તારી કે મારી જીવતર હજુ
બરબાદ ક્યા છે ?
વિતી જશે આ દિવસો પણ
છતાં એની ફરીયાદ ક્યાં યાદ છે.

- શિલ્પા કેવલ ખારેચા

# વનિતા

(અંછાંદસ કવિતા)

અવનવા પાત્રોને ન્યાન આપીને હૈયે હિંમત સદાયે ધરતી, સાચે જ
તું તો છે જ વનિતા !
સેવેલા સપનાનું બસકું બાંધીને સદાયે ટીંગાવ્યું
ભીતરની અભેરાઈએ, સાચે જ તું તો છે જ વનિતા !
ખામોશ રહીને, મૌન ધરતી, વાગેલા ઘાને દફનાવીને
સદાયે કામ પાર પાડતી, સાચે જ તું તો છે વનિતા !
ના કદી હારી, ના કદી મુંઝવાઈ, ને કપરા સંજોગોમાં
સાદયે ઝુઝુમીને જીતી છે જંગ સાચે જ તુ તો છે જ વનિતા!
ત્યાગ, સમર્પણ, ને સહનશીલતાની મૂર્તિ બની જીવનની
નૈયા સદાયે પાર પાડી, સાચે જ તું તો છે જ વનિતા !
ખુદ તો માળો ટકાવવા ક્યારેક બનતી દુર્ગા, તો ક્યારેક
બની જતી કાલીકા, ને સદાય રહી તે સંસ્કારી નાર.
સાચે જ તું તો છે જ વનિતા !

- વસુધા ગુર્જર, મહેસાણા

## Vayavya Advisory Services

**Mr. Kaushal N. Bhadeshiya**
(CMA)
E-mail : knbhadeshiya@gmail.com
Mo. No. 96247 39395

**Areas of Work :**

- Project Finance
- Government Subsidies and Export Benefits.
- RERA Registration and Compliances
- Company Formation and ROC Compliances
- FEMA related matters and Compliances

Off. No. 32, Ankur Commercial Centre,
Gondal Road, Rajkot.





Block No. 177, Sardarnagar Society,
Veraval Road, Kodinar - 362720
Dist. : Gir Somnath Gujarat
Mo.No. +91 97277 00194
E-mail : Devay-Engineers@outlook.com

**DEVAY ENGINEERS**
SPECIALIST IN CEMENT AND CHEMICAL PLANT ENGINEERING SERVICES

GST No – 24AALFD4831B1ZV PAN : AALFD4831B

| | |
|---|---|
| Mr. Jayendra M. Barad<br>Mo – 97277 00194 | Mr. Hiren A. Gajjar<br>Mo – 97274 00576 |

- Specialist In Major Kiln Repair & Maintenance, Brick Lining, Commissioning, Erection, System Retrofit, Fabrication & Machining
- Service Provider To Major Cement & Chemical Plants Across India

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2021-2023. Posted at Rajkot RMS on 10th of Every Month

## શિક્ષણ માટે દીકરીયુનુ પોતીકુ ઘર એટલે...

# શ્રી ગુર્જર સુતાર કન્યા છાત્રાલય

સ્થાપના તા. ૧-૧૨-૨૦૧૦ રાજકોટ





લાયબ્રેરી/રીડીંગ રૂમ


કોમ્પ્યુટર લેબ


ભોજન કક્ષ


પલંગ


વાલી મીટીંગ રૂમ

## આધુનિક સુવિધાઓની આછેરી ઝલક

- CCTV કેમેરા
- સોલાર સિસ્ટમ
- વોટર કુલર / R.O.
- ફીંગર પ્રિન્ટ હાજરીપત્રક
- ફીંગર પ્રિન્ટ મેઈન ડોર
- મીડીયા રૂમ

## કન્યા છાત્રાલયમાં નવા સત્રથી પ્રવેશ ચાલુ છે

**સંપર્ક : બપોરે ૧.૦૦ થી ૫.૦૦**

**મો. ૯૦૬૭૨૫૫૦૪૬ / ૮૪૬૯૬૯૭૦૮૩**

G.S.K.C.
૧-૧૨-૨૦૧૦

Shri Vishvakarma Vidhyaniketan Trust Organized

**Shri Gurjar Sutar Kanya Chhatralay**

"Shanskar Bhavan" Opp. A.V. Jasani School, Gondal Road, Rajkot (Gujarat).

ज्ञानम् परमम् ध्येयम्